RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 219* Date: 30.05.2023, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સહિત ૧૦ રાજ્યોમાં વરસાદની આગાહી દિલ્હી-એનસીઆર અને એમ.પીમાં ભારે પવન સાથે વરસાદ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯ દિલ્હી-એનસીઆર અને મધ્યપ્રદેશના અનેક શહેરોમાં આજે સવારે ભારે પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો.ત્યારે હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું હતું કે ગાઝિયાબાદ, નોઈડા, ગુરુગ્રામ, ફરીદાબાદ, સોનીપત, રોહતક સહિત દિલ્હી અને ઘ્ઝઈમાં ૪૦ થી ૬૦ કિલોમીટરની ઝડપે ભારે વરસાદ અને પવન ફૂંકાશે.

આઈએમડીએ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ સહિત ૧૦ રાજ્યોમાં વરસાદની આગાહી કરી છે. એક અપડેટમાં હવામાન વિભાગે જણાવ્યું હતું કે રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, જમ્મુ અને કાશ્મીર અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આગામી ૩ થી ૪ કલાકમાં ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ઉત્તરાખંડમાં વરસાદ સાથે અતિવૃષ્ટિ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ચોથા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે મધ્યપ્રદેશમાં વાવાઝોડાનો સમયગાળો શરૂ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુના, રીવા અને છિંદવાડામાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. સોમવારે સવારે ૩ વાગ્યે ભોપાલમાં ભારે વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજધાનીમાં ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. વિવિધ જગ્યાએ વૃક્ષો પડી ગયા હતા. શાજાપુર શહેરમાં વીજ વાયરો તૂટવાને કારણે અંધારું છવાઈ ગયું હતું. ઘણા સમય પછી વીજળી આવી.

હવામાનશાસ્ત્રીઓએ ભોપાલ, ગ્વાલિયર, સાગર અને ચંબલમાં ગાજવીજ અને વીજળી સાથે વરસાદની ચેતવણી જારી કરી છે. ઈન્દોર, ઉજ્જૈન, જબલપુર, રીવા, નર્મદાપુરમ અને શહડોલ ડિવિઝનમાં પણ હવામાન બદલાશે. શ્યોપુરકલાન, ગુના, રાજગઢ, વિદિશા, શિવપુરી, છિંદવાડા, અનુપપુર, સાગર, શાજાપુર, ડિંડોરી, અગર-માલવા અને સિઓનીમાં કરા પડવાની સંભાવના છે.

દિલ્હી-એનસીઆરમાં વરસાદને કારણે વાતાવરણ ખુશનુમા છે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં ભારે પવન સાથે હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રવિવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વરસાદની ચેતવણી જારી કરતી વખતે ૪૦ થી ૫૦ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ સિવાય ૩૦ અને ૩૧ મે માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ દરમિયાન કરા પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. ૭ મેના રોજ દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૭ ડિગ્રી ઓછું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૫ દિવસ સુધી વાવાઝોડું રહેશે.

જોધપુર શહેરમાં રવિવારે સાંજે ૪:૩૦ વાગ્યે તોફાની વરસાદ શરૂ થયો હતો. આના લગભગ ૧ કલાક પહેલા વાવાઝોડાએ શહેરમાં દસ્તક આપી હતી. હવામાન વિભાગે જોધપુર સહિત રાજસ્થાનના ૧૩ જિલ્લાઓમાં આગામી ૪ દિવસ સુધી તોફાની વરસાદ અને કરા પડવા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરી દીધું છે. રાત્રે ૧૦ વાગ્યા બાદ વરસાદી માહોલ બંધ થઈ ગયો હતો. રાજસ્થાનના જયપુરમાં ૬૪ વર્ષ જૂનો રેકોર્ડ તૂટી શકે છે. ૬૪ વર્ષ પહેલા વર્ષ ૧૯૫૯માં મે મહિનામાં જયપુરમાં ૧૦૦.૩ મીમી વરસાદ નોંધાયો હતો. મે મહિનામાં અત્યાર સુધીમાં ૮૨ મીમી વરસાદ નોંધાયો છે. હજુ મહિનાના ત્રણ દિવસ બાકી છે અને હવામાન વિભાગે અહીં યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે જોધપુર, બિકાનેર અને પાંચ વિભાગ ઉદયપુર, અજમેર, જયપુર, ભરતપુર અને કોટામાં ૩૦ મેના રોજ વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જયપુરમાં આગામી ત્રણ દિવસ સુધી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન મધ્યમથી ભારે વરસાદ અને ૪૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ઉત્તરપ્રદેશમાં અનેક જિલ્લાઓમાં વરસાદ બાદ સોમવારે સવારે વાતાવરણ ઠંડું રહ્યું હતું. રાજધાની લખનૌ અને વારાણસીમાં સવારે સૂર્યપ્રકાશ સાથે વાદળછાયું વાતાવરણ હતું અને પવનમાં ઠંડક પ્રસરી હતી. રાજ્યમાં છેલ્લા બે દિવસમાં વાવાઝોડા અને પાણીના કારણે જુદા જુદા જિલ્લામાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. શનિવારે વરસાદ-તોફાન સંબંધિત અકસ્માતોમાં ૨૫થી વધુ લોકો ઘાયલ થયા હતા.હવામાન વિભાગે સોમવારે યુપીના ૩૫ શહેરોમાં વાવાઝોડા અને વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન ૮૭ કિમી/કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાય તેવી શક્યતા છે. હવામાન વિભાગનું અનુમાન છે કે ૩૦ મે સુધી હવામાન આ રીતે બદલાતું રહેશે. રાજ્યમાં રવિવારે હવામાનમાં પલટો આવ્યો હતો. સાંજે વાદળછાયું આકાશ અને ફૂંકાતા પવનને કારણે ગરમીમાંથી રાહત મળી હતી.

## મુંબઈની હોટલમાં રોકાયેલા ઉપલેટાના આહીર અગ્રણી-બિઝનેસમેનની વેઈટરે કરી નાખી હત્યા

રાજકોટ: મુંબઈની હોટલમાં ઉપલેટાના આહીર અગ્રણી અને બિઝનેસમેનની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર હોટલના વેઈટરે જ બરફ તોડવાના સોયા વડે બિઝનેસમેનની હત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. આ હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. મૃતક બિઝનેસમેનની ઓળખ ઉપલેટા તાલુકાના આહીર અગ્રણી અને સિટીઝન જીમખાનાના પ્રમુખ કાળાભાઈ રામભાઈ સુવાની તરીકે થઈ છે. ગત રોજ મુંબઈ થાણેની પ્રિન્સ હોટલમાં વેઈટરે તેમના પર જીવલેણ હુમલો કરતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે સ્થાનિક પોલીસ દ્વારા હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.મીડિયા રિપોર્ટ અનુસાર મુંબઈ નજીક થાણેના જાંબલીનાકા વિસ્તારમાં આવેલી હોટલ પ્રિન્સમાં ૧૨થી ૨ની વચ્ચે હોટલના વેઈટર દ્વારા બરફ કાપવાના સોયાથી લૂંટના ઈરાદે કાળાભાઈ હત્યા કરાઈ હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ વેઈટર રૂપિયા ભરેલી બેગ, હાથમાં પહેરેલી રાડો ઘડિયાળ અને વીંટી લઈને ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું છે.બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો હોટલ પહોંચ્યો હતો અને કાળાભાઈનો મૃતદેહ કબજે કરીને હત્યાનો ગુનો દાખલ કરીને ફરાર વેઈટરની શોધખોળ હાથ ધરી હતી. તેમજ મૃતકના પરિવારજનોને હત્યાની જાણ કરવામાં આવતા તેમના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. તેઓ તાત્કાલિક મુંબઈ જવા રવાના થયા હતા અને પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને પરિવારને સોંપવાની કામગીર હાથ ધરવામાં આવી હતી. ઘટનાને લઈને પરિવાર જ નહીં પરંતુ સમગ્ર આહીર સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને પરિવારજનો દ્વારા ન્યાયની માંગ કરવામાં આવી રહી છે.બનાવને પગલે મુંબઈ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હોટલના વેઈટરે જ બરફ કાપવાના સોયાથી કાળાભાઈની હત્યા કરી હતી. વેઈટરે બરફ કાપવાના છૂરાથી કાળાભાઈના ચહેરા તેમજ ગરદન પર ૧૦થી વધુ ઘા ઝીંક્યા હતા. મુંબઈ પોલીસે વેઈટરનું પગેરું શોધવા માટે તેનું લોકેશન ટ્રેસ કરવા સહિતની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. મૃતદેહ લઈને રાતે પરિવાર ઉપલેટા આવ્યો હતો અને સમાજની હાજરીમાં અંતિમયાત્રા કાઢવામાં આવી હતી.

## આચાર્ય લોકેશજીએ નવા સંસદભવનનાં ઉદઘાટન પ્રસંગે જૈન પ્રાર્થના, મહાવીર વાણી રજૂ કરી હતી



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબે વિવિધ ધર્મોના વિખ્યાત ધર્મગુરુઓ, લોકસભા અને રાજયસભાનાં સભ્યોની હાજરીમાં નવા સંસદ ભવનનું ઉદઘાટન કરીને અને પવિત્ર “સેંગોલ”ની સ્થાપના કરીને ભારતના ઈતિહાસમાં એક નવો અધ્યાય શરૂ કર્યો. આ પ્રસંગે આયોજિત સર્વધર્મ પ્રાર્થના દરમિયાન જૈન ધર્મ વતી આચાર્ય લોકેશજીએ ઓજસ્વી વાણી સાથે નવકાર મંત્ર, મંગલ પાઠ, ભગવાન મહાવીરની આર્ષ વાણી અને અહિંસા અને શાંતિનો સંદેશ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે લોકસભાના સ્પીકર ઓમ બિરલા, રાજ્યસભાનાં ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો અને સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબે કહ્યું કે ‘દરેક દેશની વિકાસયાત્રામાં એવી ક્ષણો આવે છે જે કાયમ માટે અમર બની જાય છે. ૨૮ મે ૨૦૨૩, નો દિવસ એક શુભ અવસર છે. પીએમ મોદીએ કહ્યું કે નવી ઈમારત આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓનાં સપનાને સાકાર કરવાનું માધ્યમ બનશે. તે વિકસિત ભારતના સંકલ્પોની પરિપૂર્ણતા જોશે. તેમણે કહ્યું કે નવા માર્ગો પર ચાલવાથી નવા દાખલા સર્જાય છે. આજે ન્યુ ઈન્ડિયા એક નવું લક્ષ્ય નક્કી કરી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે ‘જ્યારે ભારત આગળ વધે છે, ત્યારે વિશ્વ આગળ વધે છે‘. સંસદની નવી ઈમારત ભારતના વિકાસમાંથી વિશ્વના વિકાસની હાકલ કરશે.

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વશાંતિ કેન્દ્રના સ્થાપક પ્રસિદ્ધ જૈનાચાર્ય ડૉ. લોકેશજીએ જણાવ્યું હતું કે પ્રજાસત્તાકના પવિત્ર મંદિર “નવા સંસદ ભવન”નાં ઉદઘાટન સમારોહમાં ભાગ લઈને હું ગર્વ અનુભવું છું. આ પ્રસંગે તેમણે નવકાર મહામંત્ર, મંગલ પાઠ અને ભગવાન મહાવીરનાં અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ આધારિત સૂત્રોનું પઠન કર્યું હતું. આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ શ્વેતાંબર, દિગંબર અને સમગ્ર જૈન સમુદાય વતી વડાપ્રધાન મોદીને નવા સંસદ ભવનમાં ધર્મદંડ, રાજ દંડની સ્થાપના કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. જૈન ધર્મ ઉપરાંત ધર્મગુરુઓએ બૌદ્ધ પ્રાર્થના, ખ્રિસ્તી પ્રાર્થના, ઝોરોસ્ટ્રિયન પ્રાર્થના, બહાઈ પ્રાર્થના, યહૂદી પ્રાર્થના, ગીતા પઠન, કુરાન શરીફનું પઠન, ગુરુ ગ્રંથ સાહિબનું પઠન, શબ્દ કીર્તન રજૂ કર્યા હતા. આ પ્રસંગે ભારતીય પોસ્ટલ સ્ટેમ્પ અને નાણા મંત્રાલય દ્વારા ચલણી સિક્કો પણ બહાર પાડવામાં આવ્યો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને રાજયસભાનાં ઉપાધ્યક્ષ હરિવંશે તેમના વિચારો વ્યક્ત કર્યા. રાજયસભાના ઉપાધ્યક્ષ હરિવંશે પણ મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરનો સંદેશ વાંચ્યો.

## ગુજરાત રેડ ક્રોસ દ્વારા વધુ એક સેવાનો પ્રારંભ



ઈંડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા, અમદાવાદ ખાતે અત્યાધુનિક ડેન્ટલ ક્લિનિકનો શુભારંભ કરવામાં આવ્યો. ગુજરાત રાજ્ય શાખાના માનનીય ચેરમેન શ્રી અજયભાઈ પટેલ સાહેબના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક નવી સેવા શરૂ કરવા અભિયાન હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આજરોજ રેડ ક્રોસ ભવન ખાતે ડેન્ટલ ક્લિનિકનું લોકાર્પણ કરવામાં આવેલ છે.

## વરસાદને કારણે ધરાશાયી થયેલા તમામ વૃક્ષોને માત્ર ૨ કલાકમાં હટાવાયા



ગાંધીનગરમાં ગત રવિવારની સાંજે અચાનક કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે શહેરના વિવિધ વિસ્તારમાં ૧૩ વૃક્ષો ધરાશાયી થયા હતા. રસ્તા પર પડેલા આ વૃક્ષોનો તાત્કાલિક નિકાલ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની ટીમ દ્વારા માત્ર ૨ કલાકના ટૂંકાગાળામાં રસ્તા પર પડેલા વૃક્ષોને હટાવવામાં આવ્યા હતા અને રસ્તાઓ ખાલી કરવામાં આવ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારી રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા ત્વરીત કાર્યવાહી કરવામાં આવી હતી. ગાંધીનગર શહેરના સેકટર-૩બી, ક-૬ રેલ્વે ફાટક નજીક, ખ-૫ થી ખ-૬ વચ્ચેનો માર્ગ, રોડ નં-૬ના સેકટર-૨૪ કોર્નર પાસે વૃક્ષો ભારે પવનના કારણે ધરાશાયી થયા હતા. જેને પગલે ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા આ તમામ વૃક્ષોને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.






## પાટણમાં બેતાલીસ લેઉવા પાટીદાર સમાજની મહિલાઓનું સંમેલન યોજાયું



પાટણ ખાતે ઉત્તર ગુજરાતના બેતાલીસ લેઉવા પાટીદાર સમાજના મહિલા સંગઠન દ્વારા આયોજિત મહિલા સંમેલનમાં ૫૩ ગામની ૨ હજાર થી વધુ મહિલાઓએ ઉપસ્થિત રહી સમાજના પ્રસંગોમાં પ્રી - વેડિંગ, ફોટોશૂટ, હલ્દી રસમ, રિસેપ્શન ,બીબી શાવર, મૃત્યુ પ્રસંગમાં ખર્ચા અને દેખાદેખી શરૂ થયેલ પ્રથાઓ સહિતના કુરિવાજો બંધ કરી સાદગી પૂર્ણ પ્રસંગ કરવા મહિલાઓ દ્વારા બનાવેલ નવીન બંધારણ ચાલુ વરસાદે ખુરશીઓને છત્રી બનાવી સર્વાનુંમતે રજૂ કરવામાં આવતાં ઉપસ્થિત સર્વે મહિલાઓ દ્વારા હર્ષભેર સ્વીકારી પાલન કરવા સંકલ્પ લેવાયો હતો.

પાટણ ખાતે રવિવારે યોજાયેલ બેતાલીસ લેઉવા પાટીદાર સમાજના મહિલા સંમેલનમાં ઉત્તર ગુજરાતના ૫૩ ગામો ઉપરાંત અમદાવાદ સુરત વડોદરા અંકલેશ્વર કચ્છ રાજકોટ અને મુંબઈમાં રહેતી સમાજની અંદાજે ૨ હજાર થી વધુ મહિલાઓ ઉપસ્થિત રહી સમાજના પ્રસંગોમાં શરૂ થયેલા નવા રિવાજો બંધ કરવાના સામુહિક સંકલ્પ લીધા હતા.

આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટી આશાબેન પટેલે જણાવ્યું હતું કે સંગઠન ઘડિયાળ જેવો હોવું જોઈએ.ભલે કાંટા નું કદ અલગ હોય છે. પરંતુ જ્યારે ૧૨ વગાડવાના હોય તો સૌ સાથે થઈ જાય છે. કળિયુગમાં આપણે કાંટાની જેમ સંગઠીત બનીને રહેવું જરૂરી છે. આ કાર્યક્રમ ખોડલધામના વિવિધ ટ્રસ્ટીઓ, પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલ, રોનક પટેલ, સહિત સમાજના અગ્રણીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મહિલા સંમેલનમાં રહેલ ખોડલધામ ટ્રસ્ટી અનાર પટેલે જણાવ્યું હતું કે જાગૃત વ્યક્તિઓના સમૂહથી જ સમાજ આગળ આવે છે. વર્ષો પછી સમાજ સંગઠિત બન્યો છે. પૈસા હોય તો પણ દેખાડવાની જરૂર નથી, સાદગી પુર્ણ પ્રસંગ કરવો જોઈએ. પરિવારો ખોટા ખર્ચામાં તૂટી ગયા છે. આપણા સમાજમાં દારૂનું દુષણ ઘૂસી ગઈ છે તે કેવી રીતે આવ્યું,કેમ આવવા દીધું, તેને આપણી બહેનોએ હવે દૂર કરવું પડશે. આ બંધારણથી સમાજના આર્થિક નબળા પરિવારોને મોટી રાહત થશે.તેમજ આ ખોટા ખર્ચ બચતા લોકોએ આ પૈસા શિક્ષણ અને સેવા પાછળ વાપરે જેનાથી આજ આગળ આવશે. તેવી આશા વ્યક્ત કરી સંમેલનની સફળતા ને સરાહનીય લેખાવ્યુ હતું. મહિલા સંમેલનના આયોજનમાં સહભાગી બનેલા પાટીદાર સમાજના યુવા આગેવાન અડિયાના હાર્દિક પટેલે જણાવ્યું હતું કે સમાજના ખોટા રીતરિવાજો બંધ કરવા માટે સમાજની મહિલાઓ દ્વારા આયોજિત કરાયેલા મહિલા સંમેલનના આયોજન માટે અગાઉથી શહેરના ખોડાભાહોલ બુકિંગ કરવામાં આવ્યો હતો. પરંતુ મહિલા સશક્તિકરણની સુફીયાણી વાતો કરતા સમાજના પ્રમુખ દ્વારા સંમેલન પહેલા જ આ હોલ કેન્સલ કરાવી દેવામાં આવ્યો હતો. જેના કારણે સંમેલનનું સ્થળ બદલી રિવાજ પાર્ટી પ્લોટમાં રાખવાની ફરજ પડી હતી. તો કાર્યક્રમ દરમિયાન વરસાદ શરૂ થતાં સમાજની મહિલાઓ ખુલ્લા પાર્ટી પ્લોટમાં વરસાદથી પલળતી

હોવા છતાં સમાજના આવા આગેવાનો કે જે જાહેરમાં મહિલા સશક્તિકરણની સુફિયાણી વાતો કરતા હોય છે તેઓએ મહિલાઓની દરકાર નહીં કરી પોતાની હલકી વૃતિ દર્શાવી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

**રિપોર્ટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

## તસ્કરોએ મંદિરને પણ ન છોડ્યું, તસ્કરોએ શિવલિંગ ચોતરફ લગાવેલા ચાંદીના થરૂની કરી ચોરી

(એ.આર.એલ),જામનગર,તા.૨૯

ફરી એક વખત તસ્કરો એ મંદિરને નિશાન બનાવ્યું છે. ભક્તોએ પોતાની શ્રદ્ધાથી ભગવાનને અર્પણ કરેલ વસ્તુની ચોરી થતાં સમગ્ર પંથકમાં રોષની લાગણી પ્રવર્તી છે. જામનગરના કાલાવડ તાલુકામાં આવેલા ખરેડી ગામે ચોરો એ ખરડેશ્વર મંદિરને નિશાન બનાવી અડધા લાખની ચોરીને અંજામ આપ્યો છે. જેમ ભગવાન મહાદેવની ત્રીજી આંખ છે, તેમ ગુના આચરતા લોકો પર નજર રાખવા અને તેઓને જેલ હવાલે કરવા પોલીસ માટે પણ ત્રીજી આંખ ગણાતા ઝઝ્રફમાં સમગ્ર ઘટના કેદ થઇ હતી. જેમાં બહારના માર્ગ પર ચોરી કરતા શખ્સો દ્રશ્યમાન થતા હતા. પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ તાલુકાના ખરેડી ગામમાં ખરડેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. રાત્રીના સમયે અજાણ્યા શખ્સ દ્વારા મંદિરને નિશાન બનાવ્યું હતું. જેમાં મંદિરના ગર્ભગૃહમાં શિવલિંગ ફરતે બે કિલો ચાંદીથી ભક્તોએ ચડાવેલા થરૂની ચોરી કરવામાં આવી છે. આ થરૂ શિવલિંગ ફરતે ફીટ કરવામાં આવ્યું હતું જો કે, તસ્કરો એ ધારદાર હથિયારથી આ થરૂ શિવલિંગમાંથી ઉખાડી ચોરી કરીને લઇ ગયા છે.






NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

### રાષ્ટ્રવાદના પ્રખર પ્રણેતા : સાવરકર

સાવરકર કહેતા હતા - 'કાળ ખુદ મારાથી ડરે છે, હું કાળથી નહીં. કાળાપાણીનું ઝેર પીને કાળના વિકરાળ સ્તંભોને હચમચાવીને, હું વારંવાર પાછો ફર્યો છું અને છતાં હું જીવિત છું, હાર્યું મૃત્યુ છે, હું નહીં.' આવા અદમ્ય સાહસ, મહાન ક્રાંતિકારી, દઢ રાજનેતા, ઓજસ્વી વક્તા અને સમર્પિત સમાજ સુધારક સાવરકર પરથી પ્રેરણા મેળવીને માતૃભૂમિ માટે ખબર નહીં કેટલાંય યૌવન હસતાં હસતાં બલિદાન ચડી ગયા. પોતાના મહાપુરુષોનું સ્મરણ અને હંમેશાં તેમના ગુણોને આત્મસાત કરતાં આગળ વધતા રહેવું, એ જ ભારતની શ્રેષ્ઠ પરંપરા રહી છે. એવા જ અકલ્પનીય અને અનુકરણીય જીવનને યાદ કરવાનો દિવસ છે સાવરકર જયંતી.

સ્વાતંત્ર્ય વીર વિનાયક દામોદર સાવરકર માત્ર નામ નથી, એક પ્રેરણા પુંજછે જે આજે પણ દેશભક્તિના પથ પર ચાલનારા લોકો માટે જેટલા પ્રાસંગિક છે એટલા જ પ્રેરણાદાયી પણ. વીર સાવરકર અદમ્ય સાહસ, આ માતૃભૂમિ પ્રત્યે નિશ્ચલ પ્રેમ કરનારા અને સ્વાધીનતા માટે પ્રાણ ત્યાગનારું અવિસ્મરણીય નામ છે. ઈંગ્લેન્ડમાં ભારતીય સ્વાધીનતા માટે અથાગ પ્રવાસ, બંદી હોવા છતાં સમુદ્રમાં છલાંગ લગાવવાનું સાહસ, ઘાણીમાં બળદની જેમ જોતરાવા છતાં પ્રસન્નતા, દેશ માટે પરિવારની બાજી લગાવી દેવી, દરેક પળે દેશની સ્વાધીનતાનું ચિંતન અને મનન, પોતાની લેખની દ્વારા આમ જનતામાં દેશભક્તિના પ્રાણનો સંચાકર કરવો, એવું અદ્ભૂત વ્યક્તિત્વ હતું વિનાયક સાવરકરનું. સાવરકરે નજરબંધીના સમયમાં અંગ્રેજી અને મરાઠીના અનેક મૌલિક ગ્રંથોની રચના કરી, જેમાં મૈજિની, ૧૮૫૭ સ્વાતંત્ર્ય સમર, મારી કારાવાસ કહાની, હિંદુત્વ વગેરે મુખ્ય છે.

સાવરકર દુનિયાના એકમાત્ર સ્વાતંત્ર્ય યોદ્ધા હતા, જેમને બે-બે આજીવન કારાવાસની સજા મળી, સજા પૂરી કરી અને ફરીથી રાષ્ટ્ર જીવનમાં સક્રિય થયા. તેઓ વિશ્વના પહેલા એવા લેખક હતા જેમની કૃતિ ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામને બે-બે દેશોએ પ્રકાશન પહેલાં જ પ્રતિબંધિત કરી દીધી. સાવરકર પહેલા એવા રાજનીતિજ્ઞ હતા જેમણે સૌપ્રથમ વિદેશી વસ્ત્રોની હોળી પેટાવી. તેઓ પહેલા સ્નાતક હતા જેમની સ્નાતકની ઉપાધિને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવાને કારણે અંગ્રેજ સરકારે પાછી ખેંચી લીધી. વીર સાવરકર પહેલા એવા ભારતીય વિદ્યાર્થી હતા, જેમણે ઈંગ્લેન્ડના રાજા પ્રત્યે વફાદારીના શપથ લેવાનો ઈનકાર કરી દીધો. પરિણામે તેમને વકીલાત કરતાં રોકી દેવાયા. વીર સાવરકરે રાષ્ટ્રધ્વજ તિરંગા વચ્ચે ધર્મ ચક્ર લગાવવાનું સૂચન સૌ પહેલાં આપ્યું હતું, જેને તત્કાલીન રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદે માન્યું. તેમણે જ સૌથી પહેલાં પૂર્ણ સ્વતંત્રતાને ભારતના સ્વતંત્રતા આંદોલનનું લ-ય જાહેર કર્યું. તેઓ એવા પ્રથમ રાજકીય બંદી હતા જેમને વિદેશી (ફ્રાન્સ) ભૂમિ પર બંદી બનાવવાને કારણે હેગના આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ખટલો પહોંચ્યો. તેઓ પહેલા ક્રાંતિકારી હતા જેમણે રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું ચિંતન કર્યું અને બંદી જીવન ખતમ થતાં જ તેમણે અસ્પૃશ્યતા વગેરે બદીઓ વિરુદ્ધ આંદોલન શરૂ કર્યું. દુનિયાના તેઓ એવા પહેલા કવિ હતા જેમણે આંદામાનના એકાંત કારાવાસમાં જેલની દીવાલો પર ખીલા કોલસાથી કવિતાઓ લખી અને પછી તેને યાદ રાખી. આ પ્રકારની યાદ રાખેલી દસ હજાર પંક્તિઓ તેમણે જેલમાંથી છૂટ્યા બાદ ફરીથી લખી.

## ચમત્કાર એટલે ધર્મના નામે ધતિંગ

હમણાં હમણાં ચમત્કાર બતાવવાના અને રાતોરાત દુઃખ હળવા કરી દેવાના અનેક બનાવો સામે આવી રહ્યા છે, અને આપણે સૌ પણ મૂક પ્રેક્ષક બની તમાશા નિહાળી રહ્યા છીએ. ધર્મને ચમત્કાર સાથે કંઈ લેવા દેવા નથી, તમારી ઈચ્છા, અપેક્ષા સંતોષવા ધર્મના વડા કે ઠેકેદારો બંધાયેલા પણ નથી. ધર્મ તો આદિઅનાદિથી સત્યનો રાહ બતાવે છે, પરંતુ એ રાહ ક્યાંક ને ક્યાંક આપણે ચૂકી રહ્યા છીએ. માણસ ને જીવન માં સુખી થવા સત્ય, ધર્મ, ન્યાય, નિતી આ ચાર મુખ્ય સિદ્ધાંતો છે. આમાંથી આપણે કેટલા સિદ્ધાંતોને અનુસરીએ છીએ ? સત્ય, ન્યાય અને નિતીને નેવે મૂકી દેતો માનવી માત્ર એક ધર્મના આધારે તરી જવા માગે છે. એ પણ ધાર્મિકતા વિના, પોતે ધાર્મિક ન હોવા છતા અને ધર્મ વિષેનુ જ્ઞાન પણ ન હોવા છતા, ધર્મના નામે હું કંઈક છુ આવો ડોળ બતાવવા માટેની દોડ વધી ગઈ છે. સનાતન ધર્મ માં, માતપિતા, ગુરુદેવ અને વડીલોને આદર્શ માનવામાં આવ્યા છે, પૂજનીય ગણવામાં આવ્યા છે, ગાય, બ્રાહ્મણ અને અબળાનુ રક્ષણ કરવું એ પણ ધર્મ છે, પાણી ના પરબ ચકલા ચોરે નિતદીન ચણ નાખવી, આશરા ધરમ અને ભૂખ્યા ને ભોજન કરાવવું એ ધર્મ છે, સવાર સાંજ પ્રભુ સ્મરણ અને મંદિરે જઈ દર્શન અને વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના કરવી એ ધર્મ છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા મંદિરો માં સવાર - સાંજ આરતી વગાડવા વાળા પણ મળતા નથી, ઈલેક્ટ્રિક આરતી એનું પરિણામ સ્વરૂપ થાય છે. આમાંથી આપણે કેટલી બાબતોને અનુસરીએ છીએ ? આવી તો ઘણી બાબતો છે કે જેના ઉપર લેખ નહીં પરંતુ ગ્રંથ લખી શકાય એમ છે, માત્ર ગાડરિયા પ્રવાહ બનવાથી નહીં પરંતુ એક હિન્દુ ના દીકરા તરીકે અને સનાતન ધર્મ ના વાહક તરીકે જો મૂળભૂત ગુણધર્મોનુ રક્ષણ નહીં કરો ત્યાં સુધી આપણે હજુ પણ કંઈક ચૂકી રહ્યા છીએ એ વાત ચોક્કસ છે. ધર્મ એ શ્રદ્ધા અને વિશ્વાસનો વિષય છે, તમારા માતપિતા, ગુરુદેવ, તમારા ઈષ્ટ દેવ, તમારા કુળદેવી ઉપર વિશ્વાસ રાખો, વડીલોને માન આપો અને મૂળભૂત ગુણધર્મોને અનુસરો તો હરેક વ્યક્તિ સનાતની છે જ.

-લેખક : રાજેશભાઈ વ્યાસ, મોરબી

## ખેડાના માતરના બરોડા ગામમાં વીજળી પડતા ૩૫થી વધુ ઘેટાં-બકરાંનાં મોત

(એ.આર.એલ),નડિયાદ,તા.૨૯

ખેડાના વલ્લાથી ત્રાજ સુધીના ગામોમાં વાવાઝોડાથી નુકસાન થયુ હોવાનું સામે આવ્યુ છે. આ સાથે જ ખેડાના માતરના બરોડા ગામમાં વીજળી પડતાં ૩૫ થી વધુ ઘેટાં-બકરાંનાં મોત થયા હોવાનું સામે આવ્યુ છે. કમોસમી વરસાદના કારણે પંથકમાં કેળાના પાકને વ્યાપક નુકસાન થયું હતુ. આ સાથે ભારે પવન સાથે વરસાદ ખાબક્તા મકાનોનાં છાપરાં, વાહનોને મોટાપાયે નુકસાન થયુ છે. વારસંગ, રઢુ, બરોડા, ત્રાજ ગામની સીમમાં વ્યાપક નુક્સાન થયુ છે. ખેડા તાલુકામાં મોટા પ્રમાણમાં વૃક્ષો ધરાશાયી થયા છે. તો બીજી તરફ ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકાના કચ્છીપુરા ગામે કેમિકલયુક્ત ઝેરી પાણી પીવાના કારણે ૨૫ થી વધુ ઊંટના મોટ નિપજ્યા હતા.

# શું કામ કોસ્યુંમ માટે પૈસા ખર્ચે છે, જે તું ઓલરેડી છે???-રાજ રદીને મારો સવાલ!!!

ઘેલછાનું બીજું નામ માણસ છે. જન્મ લે ત્યારથી ઘેલછાને પંપાળે છે, પોષે છે. માણસને જે નથી તે થવાની ઘેલછા હોય છે.

દેવો અને દાનવોએ મેરૂ પર્વતનો રવૈયો અને શેષનાગની રાશ- દોરડું કરીને સમુદ્રમંથન કરેલ. જેમાં ચૌદ રત્નો નીકળેલા તેમ જ વિષ પણ નીકળેલું.ભગવાન જેવા ભગવાને વિશ્વ મોહિનીસ્વરૂપ ધારણ કરી,લટકા, મટકા, ઝટકા, ચટકા કરીને અસુરોને અમૃતને બદલે વિષપાન કરાવેલ હતું. તત્સમયે સરકારી સેવાનો લાભ લેવા માટે આધારકાર્ડ લિંક કરવાની સિસ્ટમ ન હતી!!ભગવાને અડધું શિવ અને અડધું પાર્વતીનું અર્ધનારીશ્વર સ્વરૂપ ધારણ કરેલું.

ઘણા લોકો ખાસ કરીને મહિલાઓ કરોળિયાની ડરતી હોય છે. છતાં, કરોળિયો થવાની ખંજવાળ આવે છે.સ્પાઇડરમેનની કરામત અને કરતબના ઘણી ફિલ્મો આવી છે, જે બ્લોક બસ્ટર રહી છે.આ ફિલ્મો ફિકશનમાં પણ પરમ પિતાશ્રી હોય છે.સ્પાઇડરમેન નેટ જેવા દોરડે લટકીને સાહસો કરે છે. એ બધી સ્ટંટ ટેકનિકસ અને ગ્રાફિક્સની કમાલ હોય છે. વાસ્તવમાં કોઈ તેવો ખેલ કરવા જાય તો છ મહિનાનો ખાટલો થાય!!! અલબત, કેટલાક સાહસવીરો સ્પાઇડરમેનની જેમ મલ્ટીસ્ટોરી બિલ્ડિંગ સડસડાટ ચડી જાય છે.

અર્જુન ગુપ્તવેશમાં સ્ત્રી બનીને બૃહન્લા બન્યો હતો. જે નૃત્ય શિક્ષક બન્યો હતો. ભીમ સૈરંન્ધ્રી બન્યો હતો. જેના પર રાજાનો સાળો લટ્ટુ બન્યો હતો!!

ગ્રેટ શોમેન રાજકપૂરે અનેક ફિલ્મો બનાવેલી. ભોળા ગામડિયાનો મેઈકઓવર કરેલો અને સેન્સર બોર્ડની આંખમાં ધૂળ નાંખીને સેકસ પીરસેલ . રાજકપૂરે તેનું સર્વસ્વ હોમીને મેરા નામ જોકર બનાવેલ. જે ભયંકર ફલોપ રહી હતી. જેના લીધે આર્થિક રીતે ખુવાર થયેલો.અલબત, એ ફિલ્મમાં જોકરનું કિરદાર સજીવન કરેલ અને જોકરના જીવનનું કારૂણ્ય આબેહૂબ દર્શાવેલ.

પહેલાંના સમયમાં સિનેમા કે નાટક કે સંગીતમાં પરફોર્મ કરવું એ હિનતમ ગણાતું હતું. એ સમયે સ્ત્રીપાત્રો ભજવવા કોઇ સ્ત્રી તૈયાર ન હોવાથી પુરૂષો સ્ત્રીવેશ કાઢતા હતા. થોડાં આંસુ થોડાં ફૂલ નામની અદ્ભૂત આત્મકથા આપનાર જયશંકર ભોજકે સ્ત્રીપાત્રમાં ઓતપ્રોત થઈને સ્ત્રીપાત્રોની ઊજવણીમાં કરી કે તેમને સુંદરીનું બિરુદ મળેલ.તે સમયની શેઠાણીઓ, ભદ્રલોકોમાં માનુનીઓ સુંદરી જેમ સાડી પહેરે,ચોટલો ગૂંથે તેની અદલોઅદલ કોપી કરવામાં ધન્યતા સમજતી હતી!!!

અત્યારે સુનિલ ગ્રોવર, અલિ વગેરે સહજતાથી સ્ત્રીપાત્રો ભજવે છે. કમલહાસન અને ગોવિંદાએ પૂરી ફિલ્મમા ચાચાનું મનોરંજક પાત્ર ભજવેલું હતું!!!

આપણે નાતાલ સાથે નાતાલ ટ્રી, કેક, રોશની અને શાંતાકલોઝ સંકળાયેલ છે.અસલી શાંતાકલોઝ સ્થૂળકાય ,સફેદ વાળવાળા,ગુચ્છાદાર લાલ ટોપી , ઘંટ અને ગિફ્ટનો ઝોલો હોય. શાંતાકલોઝ થવા માટે વધુ ખર્ચ કરવો પડતો નથી. નાતાલની ઉજવણી દરમિયાન દુકાન કે મોલ કે રેસિટોરેન્ટના નોકરો શાંતાકલોઝ બની બાળકો માટે આકર્ષણ ઉભું કરે છે!! આપણે ત્યાં વરસો પહેલાં નવરાત્રી પર ભવાયા-તરગાળા વેશ કાઢતા હતા. વીર માંગડાવાળો, રા'નવઘણ, પૃથ્વીરાજ ચૌહાણ વગેરે. "રાત થોડીને વેશ ઝાંઝાં " કહેવત પણ છે.

અડધી સદી કરતાં વધુ પહેલાં, મેટેલના અમેરિકન સ્ટેનોગ્રાફર રુથ હેન્ડલર બાર્બી ડોલની છબી સાથે આવ્યા હતા, અને ત્યારથી પાતળા પગ, વાદળી આંખો અને પાતળી કમરવાળી સોનેરીએ સમગ્ર વિશ્વને જીતી લીધું છે. બાર્બી ડૉક્ટર, કારભારી, બિઝનેસ વુમન, રોક સ્ટાર, શિક્ષક, મિલિટરી પાઇલટ બની. એલિઝાબેથ ટેલર, મેરિલીન મનરો, ઓડ્રી હેપબર્નના દેખાવની નકલ કરતી બાર્બી ડોલ્સ દેખાઈ હતી ... પરંતુ તાજેતરમાં સુધી તે કલ્પના કરવી પણ મુશ્કેલ હતું કે લોકો ઢીંગલીની નકલ કરશે.

૧૯ વર્ષીય ડાકોટા રોઝને પ્રથમ વખત જોનારા તમામ લોકોએ સર્વસંમતિથી જાહેર કર્યું કે આ એક પુનર્જીવિત બાર્બી ડોલ છે. બાર્બી સાથે ડાકોટાની અદ્ભુત સામ્યતાએ તેણીને જાપાન અને ચીન જેવા દેશોમાં ખૂબ જ લોકપ્રિય બનાવી છે, જ્યાં છોકરી વારંવાર સમાચારોમાં દર્શાવવામાં આવી છે. જોકે ડાકોટાના મોટાભાગના ચાહકો તેને કોસ્પ્લેયર માને છે, છોકરી પોતે કહે છે કે તેણે ક્યારેય બાર્બીની નકલ કરવાનો પ્રયાસ કર્યો નથી. ૧૫ વર્ષની ઉંમરે, વેનેરા પાલેર્મો ડોલ્સ પ્રત્યે એટલી જ ઉત્સાહી છે જેટલી તે બાળપણમાં હતી. વિનસ એન્જેલિકના ઉપનામ હેઠળ, લંડનની એક કિશોરીએ તેના જેવા બનવા માંગતા ચાહકો માટે યુટ્યુબ ચેનલ ખોલી છે. તેણીની ચેનલ પર, વિનસ પોતાને કેવી રીતે જીવંત ઢીંગલી બનાવવી તેના રહસ્યો શેર કરે છે. મોડલ લિન કે ટીંગ, જેનો જન્મ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૮૮ ના રોજ થયો હતો, તેણે પહેલાથી જ તેના ઢીંગલી જેવા દેખાવથી ખૂબ લોકપ્રિયતા મેળવી છે. ચાઈનીઝ હાઈસ્કૂલની વિદ્યાર્થિની વાંગ જયુન કોરિયન ઈન્ટરનેટ પર પ્રખ્યાત થઈ ગઈ કારણ કે તે પોડમાં બે વટાણા જેવી ફૂલેલી ઢીંગલી જેવી દેખાય છે. વાંગ જયુન ૧૬૪ સેમી ઉંચી છે અને તેનું વજન ૪૨ કિલો છે. આ છોકરીનો જન્મ હોંગકોંગના કોવલૂનમાં થયો હતો અને હાલમાં તે ચીનના શેનઝેનમાં રહે છે. બાર્બી ડોલ્સ સામાન્ય રીતે નાની છોકરીઓને વ્યસની હોય છે. પરંતુ ચાર્લોટ હોટમેન, ૨૪, તેના ઢીંગલા સંગ્રહથી એટલી ઝનૂની હતી કે તેણે બાર્બી જેવા દેખાવા માટે પ્લાસ્ટિક સર્જરી પર ₹૧૦,૦૦૦ ખર્ચ્યા. ચાર્લોટને નાકની નોકરી મળી, તેના હોઠમાં કોલેજનનું ઈન્જેક્શન લગાવ્યું અને માનવ બાર્બીમાં પરિવર્તિત થવા માટે તેના વાળને સોનેરી રંગમાં રંગી દીધા. બાકીના પૈસા છોકરીએ આખરે ઈમેજને મેચ કરવા માટે પોશાક પહેરે પર ખર્ચ્યા. સાઉથ કોરિયન ગર્લ ગ્રુપ ગર્લ્સ જનરેશનની જેસિકાની વારંવાર ઢીંગલી સાથે સરખામણી કરવામાં આવી છે. જેસિકાનો એક ફોટો જે તાજેતરમાં ઈન્ટરનેટ પર સામે આવ્યો છે તે તેની ઢીંગલી સાથેની સામ્યતાને સંપૂર્ણ રીતે કેપ્ચર કરે છે.

હમણા જાપાનમાં ટોકો નામના એક વ્યકિત કે જે યુ ટ્યુબ કંપનીનો માલિક છે. તેણે શ્વાન જેવા દેખાવા ૨૦ લાખ યેન ફૂંકી માર્યા.કોલી નામની પ્રજાતિના શ્વાન જેવા દેખાવા ટોકોભાઈએ ઝેપેટ નામની કંપનીની સેવા લીધી હતી. આ કંપનીએ બાર લાખ ભારતીય રૂપિયામાં આ સોદો પાર પાડ્યો. આ કોસ્યુંમ બનાવવામાં ૪૦ દિવસ લાગ્યા હતા.ટોકોએ પોતાની મહેચ્છા પૂર્ણ કરી!!

રાજુ રદી જેનું નામ. બસ વાત ન પૂછો. રાજુએ ગમે તેમ કરીને ઝેપેટનો નંબર મેળવ્યો. ઝેપેટને કહ્યું," બાય હુક ઓર બાય કુક આઈ વોન્ટ હાલારી ડોક્ી કોસ્યુંમ!!!"

મે આ સાંભળીને રાજુને કહ્યું," શું કામ કોસ્યુંમ માટે પૈસા ખર્ચે છે, જે તું ઓલરેડી છે???

સાલ્લું રાજુ રદી હોંચી હોંચી કરવા લાગ્યો!!!!

-ભરત વૈષ્ણવ

## રોગ પ્રતિકારક શક્તિ વર્ધક ગિલોય



સર્વશ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધી એટલે ગિલોયવર્તમાન સમયમાં જેવી રીતે સમગ્ર દેશ કોરોનાથી લડી રહ્યો છે ત્યારે કોરોનાની ગાઇડલાઈન્સનું પાલન તો જરૂરી છે જ સાથે સાથે શરીરની રોગ પ્રતિકારક શક્તિ યોગ્ય રીતે જળવાઈ રહે તે પણ એટલું જ મહત્વનું છે. જેમાં આયુર્વેદ ખુબ કારગત નીવડે છે. ગિલોય રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે સર્વશ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધી છે. તેના અન્ય પણ જોરદાર ફાયદાઓ છે જેના વિશે ઘણાં લોકો જાણતા નથી. ગિલોય બદલાતી સીઝનમાં અનેક પ્રકારના વાયરલ અને બેક્ટેરિયલ ઈન્ફેકશનથી પણ બચાવે છે. ગિલોયનો ઉપયોગ કોરોના વાયરસ સામે રક્ષણ અને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે પણ થઈ રહ્યો છે. ગિલોય એક આયુર્વેદિક ઔષધી છે. તે એક વેલ છે, જેનાં પાન મોટા અને ચીકણા હોય છે. તે ખાલી મેદાન, રોડ-રસ્તાની કિનારીઓ, જંગલ, પાર્ક, બાગ-બગીચા, ઝાડી-ઝાંખરાં અને દીવાલો પર ઉગે છે, પરંતુ તેને ઘરમાં પણ સરળતાથી ઉગાડી શકાય છે. બજારમાં પણ ગિલોયની વિવિધ દવાઓ અને ઉકાળા ઉપલબ્ધ છે. દરરોજ ગિલોયનું સેવન કરવાથી ઘણા ફાયદા થાય છે. કારણ કે તેમાં ગિલોસ્ટેરોલ, ગ્લુકોસાઈડ, બર્બેરિન, ગીલોઈન, ગીલોઈન્ન આલ્કલાઈડ જેવા તત્વો હોય છે. આ તત્વો તાવ, ફ્લ્યુ, ડેન્ગ્યું, મેલેરિયા, પેટની સમસ્યા, લો બ્લડ પ્રેશર, હૃદય રોગ, એલર્જી, ડાયાબીટીસ, સ્કીનને લગતી બીમારીઓ વગેરે દુર કરવામાં મદદરૂપ બને છે. ગિલોયને આંબળા સાથે લેવાથી ચામડી સંબંધી રોગો જેવા કે એગ્જમાં, સોરીયાસીસ તેમજ લોહીની કમી, કમળો વગેરે જેવા રોગોથી રાહત મેળવી શકાય છે. કોરોના મહામારી સામે લડવા માટે ઈમ્યૂનિટી મજબૂત હોવી ખૂબ જ જરૂરી છે. - મિત્તલ ખેતાણી

## ૩૧ મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ




"વિશ્વ તમાકુ નિષેધ દિવસ" મનાવવાનો મુખ્ય હેતુ તમાકુ નિષેધ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે તમાકુનો શિકાર ૧૨ થી ૧૭ વર્ષની વયના યુવા થાય છે. આ પાછળનું કારણ ક્યારેક કઈક નવું કરવાની જિજ્ઞાસા હોય છે તો ક્યારેક અન્ય કરતાં પોતે મોટા છે એવું સાબિત કરવાની લાલસા પાછળ સગીર વયે વ્યક્તિ વિવિધ વ્યસનોનો શિકાર થાય છે. તમાકુ નિષેધ માટે જનજાગૃતિ હેતુ આ દિવસ પસંદ કરવામાં આવ્યો છે, પરતું ખરેખર તો આવા માદક પદાર્થો ના નિષેધ માટે કોઈ પણ નિશ્ચિત્ત દિવસ હોતો નથી. કોઈ પણ વ્યક્તિ ઈચ્છે ત્યારે તેને બંધ કરી શકે છે બસ આ માટે જે તે વ્યક્તિએ પોતાનું મન મક્કમ કરવાની આવશ્યક્તા છે. તમાકુની ખરાબ અસર મુખ્યત્વે ઉધરસ અને ગાળામાં બળતરાની સાથે શરૂ થાય છે અને સમય જતાં તે હદય રોગ, શ્વાસનળીનો સોજો, ન્યુમોનિયા સ્ટ્રોક અને ઘણા પ્રકારનાં કેન્સર જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સહિત વધુ ગંભીર પરિસ્થિતી પણ સર્જી શકે છે જેમાં સૌથી ગંભીર અને વધુમાં વધુ જોવા મળતી સમસ્યા ઓરલ કેન્સર ( માઉથ કેન્સર ) છે. પંજાબમાં તો આ તમામ કેન્સર પેશન્ટની સારવાર હેતુ 'કેન્સર ટ્રેન' પણ ચાલે છે. હાલની કોરોના કાળની કપરી પરિસ્થતિમાં જ્યારે દરેક જગ્યાએ રોગ પ્રતિકારક શકિત વધારવાની ચર્ચાઓ ચાલી રહી છે અને તેના માટે યોગ્ય દવાઓ પણ શોધાઈ રહી છે એ સમયમાં દરેક વ્યક્તિએ પોતાના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું જ રહ્યું. જો તમાકુનાં સેવનની આદતો હશે તો તે ફેફસા માટે હાનિકારક બનશે અને તેનાથી મૃત્યુ પણ નીપજી શકે છે. અહીં ક્યારેક એ સવાલ પણ પેદા થાય છે કે ભારત જેવા દેશમાં જ્યાં તમાકુ,સીગારેટ ના પેકિંગ પર જ તેના ઉપભોગ કર્યા પછીના પરિણામો દર્શાવેલ હોય છે અને કોઈ ફિલ્મ બતાવતા પહેલા પણ વ્યસન નિષેધ જાગૃતિના વિજ્ઞાપનો દર્શાવાય છે છતાં પણ દેશમાં મોટા ભાગે લોકો કોઈ ને કોઈ વ્યસન નો શિકાર થતા જ હોય છે. ધુમ્રપાનની સમસ્યાની વાત કરીએ તો તે મુખ્યત્વે મેટ્રો સિટીમાં(શહેરોમાં) વધારે જોવા મળે છે તેની પાછળ મેટ્રો સિટિનું(શહેરોનું) વ્યસ્ત જીવન, સતત ચાલતું અને દોડધામ કરતું શરીર અને મન ને લાગતો માનસિક થાક જવાબદાર છે. વધતી જતી હરિફાઈમાં વ્યક્તિ પર સતત ને સતત કામનું દબાણ રહેવાનું એ સ્વાભાવિક છે પરંતુ તેના કારણે માદક દ્રવ્યોના સેવનનું આદિ થઇ જવું એ કોઈ સમસ્યાનો હલ ન કહી શકાય. આવી આદત છોડવા માટે વ્યક્તિએ સૌ પ્રથમ મક્કમ નિર્ધાર કરવો પડશે જેના માટે એકાગ્રતા તેમજ ચિત્તની શક્તિની આવશ્યકતા છે. આ શક્તિ ધ્યાન, પ્રાણાયામ અને યોગથી શક્ય બની શકશે. તમામ વ્યસનોનો ત્યાગ કરીએ. - મિત્તલ ખેતાણી

## કડીના બિલ્ડરે કરોડોનું ફૂલેકું ફેરવતા લોકો રસ્તા પર આવી ગયા.. શું છે સમગ્ર મામલો?

કડીઃ ઘર વેચવાના નામે કરોડોની છેતરપિંડીના કૌભાંડનો પર્દાફાશ થયો છે. કડીમાં એક બિલ્ડરે લોકોને મિલકત વેચી આપી વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો. આ દરમિયાન બિલ્ડરે કોઈને જાણ કર્યા વિના આના આધારે લગભગ ૪.૪૫ કરોડ રૂપિયાની લોન લઈ લીધી હતી. તેવામાં થોડા મહિના પસાર થયા બાદ બિલ્ડરે લોન ભરપાઈ ન કરતા જોવાજેવી થઈ હતી. રહીશોને જાણ વિના તેમની મિલકત પર લોન લેવાઈ જતા જોવાજેવી થઈ હતી.નોંધનીય છે કે બિલ્ડરે થોડા સમય પહેલા જ લોકોને વેચાણ દસ્તાવેજ કરી આપવાનું કહ્યું હતું. લોકો પણ તેની વાતમાં આવી ગયા અને એ પ્રમાણે કર્યું. ત્યારપછી બિલ્ડરે દસ્તાવેજ કરી આફ્યા પછી બેક્ર પાસેથી આના પર ૪.૪૫ કરોડ રૂપિયાની લોન લઈ લીધી હતી. જોતજોતામાં બિલ્ડરે મિલકત પર એકપણ રૂપિયાની લોન ચૂકવી નહોતી. જેથી કરીને બેક્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. તેણે મકાનો અને દુકાનો સીલ કરી દેતા ચકચાર મચી ગઈ હતી.નવા બનેલા ફ્લેટ અને દુકાનોની ખરીદી કરવા માટે એક વ્યક્તિએ બિલ્ડરનો સંપર્ક સાધ્યો હતો. તેણે ૫ ફ્લેટ અને ૧ દુકાન ખરીદી હતી. આ દરમિયાન તેણે ૯,૭૨,૫૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. તેવામાં મકાન અને દુકાનનો કબજો મેળવ્યા બાદ તેને દસ્તાવેજ કરી આપ્યો હતો. આ બિલ્ડર અમદાવાદ અને મહેસાણાનો હતો જેણે વેચાણ દસ્તાવેજના નામે લોકો પાસેથી લાખો રૂપિયા લીધા હતા. ત્યારપછી આના આધારે બેક્ર પાસેથી ૪.૪૫ કરોડ રૂપિયાની લોન લઈ લીધી હતી.નોંધનીય છે કે ત્યારપછી થોડા સમયગાળા બાદ બિલ્ડરે લોન ભરપાઈ કરવાનું બંધ કરી દીધું હતું. જેના કારણે રહીશોને પોતાનુ ઘર અને દુકાન ખાલી કરવાની ફરજ પડી હતી. નોંધનીય છે કે પોતાની જ પ્રોપર્ટીમાંથી આવી રીતે રસ્તા પર આવી જતા રહીશો ચિંતામાં મુકાયા હતા. અત્યારે હવે આ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

## આપણું યુવાધન ઈ સિગારેટના રવાડે ચડી ખોખલું અને નિસ્તેજ બની રહ્યું છે



આપણું યુવાધન પહેલા માત્ર ચાહ પીતું હતું એક માત્ર ચાહનું વ્યસન હતું.ધીમે ધીમે ફિલ્મો અને ટી.વી .પર આવતી ફિલમ સ્ટાર્સની જાહેરાતથી પ્રભાવિત થઈ ગુટકા ખાવા લાગ્યું ગુટકાથી કેન્સર થાય છે મોઢું પૂરું ખુલતું નથી છતાં ગુટકા ખાધે રાખે છે ગુટકા શરાબ બીડી ડ્રગ્સ પછી હવે યુવાધન ઇ સિગારેટના રવાડે ચઢ્યું છે ઇ સિગારેટ માત્ર શોખ ખાતર ચેન્જ પીનાર યુવાધન ધીમે ધીમે ઇ સિગારેટની નાગચુડમાં ફસાઈ જાય છે. આપણે ત્યાં કાયદેસર ઇ સિગારેટ પર પ્રતિબંધ છે .પણ શરાબ દારૂ ડ્રગ્સની જેમ ઇ સિગારેટ પણ જોઈએ એટલી જોઈએ તેટલા પ્રમાણમાં મળી રહે છે . શાળા કોલેજોની બહાર અમુક ચાહની કીટલી પર કે અમુક પાનના ગલ્લે તમને ડ્રગ્સ ઇ સિગારેટ ગમેં ત્યારે મળી જશે.

આપણે વ્યસનોથી યુવાધનને બચાવવા જાગૃત થવું પડશે યુવાઓ સાથે બળથી નહી કળથી કામ લેવું પડશે.ધાકધમકી નહીં સમજાવટથી કામ લેવું પડશે યુવાનોને શાંતિથી સમજાવવા પડશે .વ્યસનની ગંભીરતા સમજાવવી પડશે પયઃ આ ઇ સિગારેટનો આકાર પણ મનમોહક હોય છે એક સારી પેન કે પરફ્યુમની બોટલ જેવી દેખાતી ખરેખર તો ઇ સિગારેટ હોય છે.

પોતાના સંતાનોની સ્કુલબેગમાં આ ઇ સિગારેટ જોનાર માતાપિતાને શરૂઆતમાં ખબર જ પડતી નથી સમજ જ પડતી નથી કે તેમનું લાડકું સંતાન ઇ સિગારેટનું બંધાણી બની ગયું છે આ ડિવાઈસને વેપ પણ કહે છે.

શાળામાં ભણતો વિદ્યાર્થી હોય કે યુવાન જ્યારે આ સિગારેટનો કશ લે છે તે વખતે એમાંથી સિગારેટની જેમ ધુમાડો નીકળે છે આપની તબિયત અને સ્વાસ્થ્ય પર આની ખુબ જ ખતરનાક અસરો થાય છે.

૧૯ વરસના યુવાનના ફેફસાં ૩૦ વરસથી સિગારેટ પિતા વ્યક્તિ જેટલા ખરાબ થઈ જાય છે.

વધુ ચિંતાની વાત એ છે કે આપણા મહાનગરોમાં આ ઇ સિગારેટનું ચલણ ખુબ જ વધી ગયું છે ચાહની કીટલી પર કે પાનના ગલ્લે કે શાળા કોલેજના દરવાજા પર તમને ઇ સિગારેટ જોઈએ એટલી મળી આવશે. આ સિગારેટ વેચનાર દુકાનદારોને તેમના ફાયદા તેમના નફાથી મતલબ છે સારું એવું કમાવવાનું મળી જાય છે તેમને આ ઇ સિગારેટ ખરીદનારની ઉમર સાથે કઈ લેવા દેવા છે જ નહી એમને તો બસ રૂપિયાથી કામ છે. આ ઇ સિગારેટના ચોક્કસ સંખ્યામાં કશ હોય છે જેમ કે ૧૨૦૦ ૧૮૦૦ ૫૦૦૦ આની કિંમત ૬૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦ રૂપિયા સુધીની હોય છે. આ ઇ સિગારેટમાં ફ્લેવર્ડ નિકોટીન હોવાથી યુવાવર્ગ ખુબ સહેલાઈથી આનો શિકાર બની જાય છે આ ઇ સિગારેટમાં નિકોટીન જ નહી પ્રોપાઈલિન ગલાઇમલ જેવા હાનિકારક તત્વો પણ હોય છે જેનાથી ફેફસાં સંકોચાઈ જાય છે ઉપરાંત છાતીમાં દુઃખવું ઉલટી થવી જેવી તકલીફો પણ થાય છે.

ભારત સરકારે આ ઇ સિગારેટના ઉત્પાદન આયાત અને વેચાણ પર આખા દેશમાં તાત્કાલીક પ્રતિબંધ મુકવાની ખાસ જરૂર છે સરકારે ખરેખર તો આ ઇ સિગારેટ રાખનાર વેચનાર અને પીનારાઓને પકડી પકડી જેલમાં નાખવા જોઈએ.

આ ઇ સિગારેટમાં ઉપયોગમાં લેવાતા ફ્લેવર્ડ નિકોટીન આપણા હૃદયને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે આ સિગારેટ હાર્ટએટેકનું જોખમ વધારે છે આ સિગારેટ પીવાથી હાર્ટ એટેકનું જોખમ ૫૬ ટકા વધી જાય છે.

વાલીઓ મસ્તાપિતાઓ શિક્ષકો સમજસેવકો આ સિગારેટથી થતા નુકશાન વિશે જાગૃતિ ફેલાવે યુવાધનને ખોખલું અને નિસ્તેજ થતું બચાવી લે એ આજના સમયની માંગ છે .યુવાનોને સારી અને સફળ જિંદગી જીવવી હોય તો આ ઇ સિગારેટ બંધ કરવી જ પડશે.નહી તો હેરાન પરેશાન થઈ રિબાઈ રિબાઈને મરવા માટે તૈયાર રહો. સાવધાન જાગો યુવાનો જાગો જાગૃત થાવ ચકોર થાવ હોંશિયાર થાવ તમારું તમારા પરિવારનું અને આપણા દેશનું ભાવિ તમારા હાથોમાં છે તેજસ્વી ઉજ્જવળ કારકિર્દી તમારી રાહ જોઈ રહી છે સમય સાથે કદમથી કદમ મેળવો આગળ વધો .બસ વધતા જ રહો.

અબ્બાસભાઈ
કૌકાવાલા.સુરત

## રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં યોજાશે ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૯

સુરત બાદ રાજકોટમાં બાબા બાગેશ્વરનો દિવ્ય દરબાર યોજાવવાનો છે. ૧ અને ૨ જૂને રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારનું આયોજન કરવામાં આવશે. મુંબઈના કારીગરોએ રાજસ્થાની મહેલ થીમ પર ખાસ સ્ટેજ તૈયાર કર્યું છે. આયોજક યોગીન છનિયારાએ કહ્યું, સુરતના કાર્યક્રમને જોતા બાબાના દરબારમાં સવા લાખથી વધારે લોકો આવે તેવી શક્યતા છે. દરબારમાં આવવા માટે કોઈ રજિસ્ટ્રેશન કે ટોકન સિસ્ટમ રાખવામાં આવી નથી. જો કે આજે અમદાવાદમાં બાબાનો ભવ્ય દરબાર યોજાવવાનો હતો પરંતુ વરસાદ વરસતા ઠેર- ઠેર પાણી ભરાયા હોવાથી આજનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ રાજકોટ બાદ વડોદરામાં ૩ જૂન નવલખી ગ્રાઉન્ડમાં બાબાનો દિવ્ય દરબાર યોજાશે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

## સિલક છે

ફેસબુકમાં અઢળક સિલક છે,
પાસબુકમાં ઢળક સિલક જ છે.
સુખની ક્ષણોની એકપણ નથી,
દુખની લાખો કે કરોડો કલિક છે.
લક્ષ્મી આવે , મોં ધોવા જઈશ?
લલાટ ધર,આ તકનું તિલક છે.
હદયમાં ગમ એકઠો કરીશ,
હ્દય શું ગમ રાખવાનું ગુલક છે?
મનમાં ગીત ગુંજે ?તો ગાઈ નાખ,
ગળામાં કોયલની મધુર હલક છે
સુખ દુખ જીંદગીની ઘટમાળ છે?
જીવન કેવું રહેશે તેની ઝલક છે.

-ભરત વૈષ્ણવ

NEWS OF GANDHINAGAR_P-2

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 0050
વિષય - તરવરાટ
શીર્ષક - પ્રેમનો તરવરાટ
શબ્દો - ૧૩૦
લેખકનું નામ - રાગીની શુક્લ 'રાગ'.

આજે મને પ્રેમની ગરજ સાલે છે..!
લાગણીનું તરવરાટ હોય એમ લાગે છે...!
ને સમજદારીનો સાથ જોઈએ છે..!
પાડે છે જે દિલ પર પ્રભાવ અનેરો...!
દેખાય છે એક ઝલક ઘડી ઘડીએ આંખોમાં ..!
આંખો ખુલીને જોયું તો નજર સમક્ષ...!
છતાંય લાગે દિલમાં ઉમંગ...! આંખોને આંખોમાં ઈશારા અનેક.!
ભીંજાઈ છું તમારાં પ્રેમનાં ઝરણે ..!
એ મારા અંતરનો તરવરાટ...!
સોંપીને તારાં પ્રેમની પળ..!
મારા તનમાં સમાણી વર્ષોની તરસ બેઉં હોઈએ...!
એ અધરોનાં મીઠાં સ્વાદ જાણે..!
એ હોઠોનાં ઈશારા ભળ્યા અધરોમાં...!
મારા રોમે રોમમાં માત્ર તરવરાટ વ્યાપ્યો...!
વ્યક્ત કરવાનો નહીં અનુભવાય...!
એક અનુભૂતિ એવી સમય અટકે...!
પ્રેમને પામવું નહીં , છોડી દેવું, ત્યાગ કરવો..!
એ જ સાચો પ્રેમ...!
અંતરથી ભાવના ઉપજે જીવનની શક્તિ..!
દિલને તરબોળે કરે...!
દિલનો કાગળને પ્રેમની કલમ વડે...!
હૃદય તણી મિલકત દીધી તને...!
પ્રેમ ભર્યા બે હૈયા એકબીજા સાથે...!
જોડાણ કરે તરવરાટ કેવો..?
એ મીઠાં પ્રેમનો કરવો અનુભવ અનેરો..?
રાગીની શુક્લ 'રાગ' મુંબઈ, કાંદિવલી.

---

NOG SS NO : 126
વિષય : કવિતા
શિર્ષકઃ તરવરાટ છે.
શબ્દોઃ
નામ : મોહનભાઈ 'આનંદ'

મનમાં મોકળો રહ્યો તરવરાટ છે,
હૈયામાં હોંશથી રહ્યો તરવરાટ છે .
તારું સ્વપ્નમાં હોવું વ્યાજબી ખરું,
ખૂલ્લી આંખે ખેલી રહ્યો તરવરાટ છે.
બરકત મળી નેક કર્મો કર્યા પછીથી,
દૂઆમાં જે મહેકી રહ્યો તરવરાટ છે
છૂટતી રહેવાની, શ્વાસની આ દોર,
પ્રેમ પતંગો ચગાવી રહ્યો તરવરાટ છે.
જુઓ શું મૂક દ્રષ્ટિ રાખીને ભઈલા
ચૈતન્યમય સ્ફુરી રહ્યો તરવરાટ છે.
દસ્તક દઈને ઉઘાડો દ્વાર દિલનાં તમે,
આનંદમાં ભીતર રહ્યો તરવરાટ છે.

---

NOG. SS No : 150
વિષય : તરવરાટ
શીર્ષક : તરવરાટ
શબ્દો : ૧૭૦
લેખક : દેવેન્દ્ર જોશી, મુંબઈ.

તરવરાટ આ પંચાક્ષરી શબ્દની અંદર ચંચળતા સમાઈ છે.ઘોડિયાના ખોયામાં સુતેલા બાળકને મા ગમે એટલી વાર ગોદડી કે બેબી બ્લેક્રેટ ઓઢાડે ને બાળક પગથી પાટા મારી દૂર કરી દે એ બાળ સહજ તરવરાટ જ છે. આ તરવરાટ જોઈ મા પોરસાય છે હરખાય છે. આ બાળક જુવાન થાય ત્યારે ઘરના દાદરના કે મંદિરના પગથિયા એક પછી એક ન ચડે કે ઉતરે પણ બબ્બે પગથિયાં એક સાથે ચડે ઉતરે.

જુવાનીનો તરવરાટ નિર્ણયશક્તિનો વાહક છે. સાચો કે ખોટો ત્વરિત નિર્ણય કાર્યદક્ષતા વધારે છે. કોઈપણ ક્ષેત્રમાં કાર્યદક્ષ વ્યક્તિ સૌને ગમે અને વ્હાલો લાગે જ.

તરવરાટ એ ગતિશીલ વ્યક્તિનું મુખ્ય જમા પાસુ છે અને ગતિશીલ વ્યક્તિ કપરા ચડાણો ચડીને ધ્યેય હાસલ કરે જ છે એમાં બેમત નથી.

કોઈની પણ પાસે દિવસના ચોવીસ કલાકથી વધારે એક પણ મિનિટ નથી હોતી. એ બાંધેલા સમયમાં તરવરાટથી સભર વ્યક્તિ જ બીજા દિવસના ચોવીસ કલાકની રાહ જોયા વગર પોતાનું કર્મ કરી ધ્યેય પ્રાપ્ત લેતો હોય છે.

તરવરાટ જિંદગીમાં હોવો જોઈએ,
કલબલાટ શુષ્કતામાં હોવો જોઈએ.
મંદ મંદ ચાલ છોડી ધપતો 'રે આગળ,
રમરમાટ દોડવામાં હોવો જોઈએ.
દેવેન્દ્ર જોશી.મુંબઇ.૨૯ મે ૨૦૨૩

---

NOG.SS.NO: 0088
વિષયઃ તરવરાટ
શબ્દઃ ૭૫
શીર્ષકઃ થા અમર
લેખિકા નામઃ ડૉ. મનીષા વ્યાસ

અફાટ રણ સમંદરને તરી જાવું પાર..
મન મૃગલી કેવી ચંચળ દોડે અપાર..
સામો વાયુ જીદે ચઢયો લાવી તોફાન
તરવરાટ એવો તને ભર્યો ઠાંસી ઉફાન
પાંખ પ્રસાર ભર આકાશી ઊંચી ઉડ્ડાણ
છે આકાશ વિશાળ જોવા સપનાં અપાર
ખોલ મોરચો હિંમતનો કરવાં કામ હજાર
ઉગે પરિશ્રમી મેઘધનું આભે વિશાળ
નામ તેનો નાશ ભલે, ખેંચ પત્થરે લકીર
યશ, કીર્તિ આપકર્મી થા સત્કર્મથી અમર

---

NOG SS N0: 001
પ્રકાર : ગદ્ય
વિષય : તરવરાટ
શીર્ષક : મન નો તરવરાટ

ક્યારે કોના મગજ માં કેવું વાતાવરણ જોઈને એકાએક તરવરાટ મન માં જાગે અને તે દિશા જ્યારે એકાગ્રતા થી મન પરોવી કાર્ય કરવામાં આવે અને સફળતા મળે તે સાચો તરવરાટ કહી શકાય.

બસ.કોઈપણ બાબત માં તરવરાટ જગાવો અને જગાડો....વિદ્યાર્થી ને જો શિક્ષણ માં ઉત્તીર્ણ થવાનો તરવરાટ જાગે તો ધાર્યા પરિણામ લાવી શકે...તરવરાટ થી જોમ અને જુસ્સામાં વધારો થવાથી ચોક્કસ દિશા માં પ્રગતિ કરી શકાય છે..કોઈપણ બાબત નો તરવરાટ જગાવવા તમારી આજુબાજુ નું વાતવરણ ખાસ જરૂરી છે..તમારું આવરણ પણ ખૂબ જરૂરી છે.જેમકે ગ્રુપ મા આપવામાં આવેલ વિષય ઉપર તરવરાટ જાગે તે સભ્ય છેલ્લી ઘડીએ પણ મારી જેમ રચના ગ્રુપ મા મુકી શકે છે..બસ તરવરાટ જાગવો જોઈએ..

-સંચાલક : પ્રદીપ રાવલ

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં મિશ્ર વલણઃ ક્રૂડ તેલમાં સીમિત સુધારો

### કોટન-ખાંડીના વાયદાના ભાવમાં રૂ.૮૬૦ની વૃદ્ધિઃ નેચરલ ગેસ, મેન્થા તેલ પણ મામૂલી વધ્યાઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૭૬૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૩૮૩ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૧૨ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૯,૪૪૧ સોદાઓમાં કુલ રૂ.૧૬,૧૫૮.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૭૬૨.૫૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૩૮૩.૮૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૫૭,૯૩૯ સોદાઓમાં રૂ.૬,૦૬૬.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૪૦૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૩૯ અને નીચામાં રૂ.૫૯,૨૭૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ વધી રૂ.૫૯,૪૯૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૭૪ વધી રૂ.૪૮,૮૮૩ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૯ ઘટી રૂ.૫,૯૪૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩ વધી રૂ.૫૯,૪૫૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૫૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૫૫૬ અને નીચામાં રૂ.૭૧,૦૬૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૩ ઘટી રૂ.૭૧,૧૪૬ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૯ ઘટી રૂ.૭૧,૨૪૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૫ ઘટી રૂ.૭૧,૨૫૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૪,૧૯૯ સોદાઓમાં રૂ.,૪૭૧.૧૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૦૮.૬૦ના ભાવે ખૂલી, રૂ.૨.૨૫ વધી રૂ.૭૦૮.૭૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૦૯.૩૫ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૧ વધી રૂ.૨૧૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૯.૮૦ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૮૩.૯૫ જસત-મિની મે વાયદો રૂ.૦.૬૫ વધી રૂ.૨૧૦.૫૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૩,૦૦૮ સોદાઓમાં રૂ.૧,૨૧૨.૩૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૫૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૭૬ અને નીચામાં રૂ.૬,૦૦૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭ વધી રૂ.૬,૦૧૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૮ વધી રૂ.૬,૦૧૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૧ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૨૦૨.૩૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૩ વધી ૨૦૨.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૨.૧૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૪૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૦૦ અને નીચામાં રૂ.૫૮,૪૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૬૦ વધી રૂ.૫૮,૯૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯ વધી રૂ.૯૫૩ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૪૯૯.૬૪ કરોડનાં ૭,૫૫૮.૮૨૬ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૬૭.૨૩ કરોડનાં ૨૧૯.૪૭૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૦૨.૯૦ કરોડનાં ૮,૩૧,૮૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૦૯.૪૧ કરોડનાં ૩,૫૦,૧૪,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૦૦.૩૮ કરોડનાં ૪,૮૧૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૧૦.૧૦ કરોડનાં ૫૪૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૨૭૯.૪૮ કરોડનાં ૩,૯૧૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૮૧.૨૩ કરોડનાં ૩,૮૩૦ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૧.૦૪ કરોડનાં ૧,૮૭૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧.૧૫ કરોડનાં ૧૧.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૦૯૬.૬૫૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૧૩.૫૬૭ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૧૩૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૬,૬૪૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૧,૫૬૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૭,૦૦૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૨,૦૦,૨૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૫૪,૬૮,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૯૩૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૪૩.૭૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૧.૮૬ કરોડનાં ૧૪૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૦૪ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૦૧૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૪૬ અને નીચામાં ૧૫,૯૯૯ બોલાઈ, ૪૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪ પોઈન્ટ વધી ૧૬,૦૧૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮૩૮૩.૮૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૨૮.૭૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૦.૫૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૬૧૩.૭૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૦૯.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૯૭.૪૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૭.૪૦ અને નીચામાં રૂ.૨૦૨.૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૦૬.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૫.૬૦ અને નીચામાં રૂ.૧૪.૦૫ રહી, અંતે રૂ.૧.૩૦ વધી રૂ.૧૫.૧૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૩૦ અને નીચામાં રૂ.૭૪૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨.૫૦ ઘટી રૂ.૭૬૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭૮ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૭.૫૦ અને નીચામાં રૂ.૫૪૯ રહી, અંતે રૂ.૧૧ ઘટી રૂ.૫૭૬ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૦૨ના ભાવે ખૂલી, રૂ.૮૦ ઘટી રૂ.૧,૪૦૪.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૪૫ના ભાવે ખૂલી, રૂ.૧૦ ઘટી રૂ.૧,૩૭૭.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૦૮ વધી રૂ.૨૧.૫૪ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૧.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૯.૨૦ અને નીચામાં રૂ.૧૫૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૨૦ ઘટી રૂ.૧૯૩.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૭૦ અને નીચામાં રૂ.૧૨.૪૦ રહી, અંતે રૂ.૧.૬૦ ઘટી રૂ.૧૨.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૯ અને નીચામાં રૂ.૧૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૮.૫૦ ઘટી રૂ.૧૬૯ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬૭ ખૂલી, ઊપરમાં રૂ.૫૩૩ અને નીચામાં રૂ.૪૬૬.૫૦ રહી, અંતે રૂ.૧૪ વધી રૂ.૫૦૫.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૯૧ના ભાવે ખૂલી, રૂ.૩૩ ઘટી રૂ.૧,૬૬૪ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૫ ઘટી રૂ.૧,૦૬૬ થયો હતો.

# વીડિયો વાયરલ કરવાની ધમકી આપી પાલની પરિણીતા સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું

(એ.આર.એલ),સુરત,તા.૨૯

સુરતમાં પાલ વિસ્તારમાં રહેતી પરિણીતાના વતનમાં ગઈ હતી તે વખતે પરિચિત યુવકે કપડાં બદલતા હોવાનો વીડિયો મોબાઈલમાં ઉતારી લીધો હતો. આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી પરિણીતા સાથે છેલ્લા બે વર્ષથી દુષ્કર્મ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃતિ આચરવામાં આવ્યું હતું. આ સાથે સાથે પરિણીતા પાસેથી રૂપિયા પડાવી લાતેના ભાઈને મારી નાખવાની ધમકી પણ આપી હતી. જો કે આ સમગ્ર મામલો સામે આવતા પરિવારે મદદ કરતા પરણિતાએ આ મામલે યુવક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી છે.

સુરતમાં આવેલા કામરેજ વિસ્તારમાં રહેતી એક મહિલા થોડા સમય પહેલા પોતાના પરિવાર સાથે રાજકોટ રહેતી હતી. બે વર્ષ પહેલા રાજકોટથી તેઓ સુરત ખાતે શિફ્ટ થયા હતા. રાજકોટમાં તેમના ઘરની સામે રહેતો અને તેના પતિનો મિત્ર કટલરી અને તોરણનું કામ કરતો હતો. કટલરી અને તોરણનું કામ કરતા વ્યક્તિએ આ મહિલાને વોટસએપ ઉપર ફોટો મોકલવાનું શરૂ કર્યું હતું અને આ ફોટો મોકલવાને કારણે બંને એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. પતિનો મિત્ર હોવાને ના તે આ મહિલા પણ તે વ્યક્તિ સાથે વાતચીત કરતી હતી. આ દરમિયાનમાં તે સુરતથી રાજકોટ ખાતે ગઈ હતી જ્યાં તે મહિલા કપડાં બદલતી હતી તે સમયે આ વ્યક્તિએ ચોરી છુપી એ મહિલાનો વીડિયો બનાવી લીધો હતો.

રાજકોટમાં રવિ ચાવડાએ આ મહિલાનો વીડિયો બનાવી લીધા બાદ તેને વાયરલ કરવાની તે સતત ધમકી આપતો હતો. અને તેની પાસે અભદ્ર માંગણી પણ કરતો હતો. આ સાથે સાથે તે મહિલાને બ્લેકમેલ કરી રૂપિયા પણ પડાવતો હતો ધીમે ધીમે કરીને રવિએ મહિલા પાસેથી આશરે ૬ લાખ રૂપિયાથી વધુ રકમ પડાવી લીધી હતી. આ ઉપરાંત તેની સાથે તે વારંવાર દુષ્કર્મ પણ ગુજારતો હતો. આરોપી રવિ આટલાથી અટક્યો ન હતો અને તે આ મહિલાને વાત કોઈને પણ જણાવશે તો તેના ભાઈને જાનથી મારી નાખશે તેવી ધમકી પણ આપી હતી.

રવિના ચુંગાલમાં ફસાયેલી આ મહિલાએ પોતાનો વીડિયો વાયરલ ન થાય અને સમાજમાં તેની ઈજ્જત બચી રહે તે માટે તેની આરોપીની અભદ્ર માંગણીઓ પણ સ્વીકારી લીધી. આરોપી રવિએ પહેલા મહિલા પાસેથી ૫.૫૦ લાખ અને બાદ ૫૦ હજાર જેટલી રકમ પડાવી અને મહિલા સાથે વારંવાર દુષ્કર્મ પણ આચર્યું છે. મહિલા વારંવારની માંગણીથી કંટાળી ગઈ અને તેણે સમગ્ર ઘટના પોતાના પતિને જણાવી હતી પતિએ મહિલાને હિંમત આપતા આખરે તે પાલ પોલીસ સ્ટેશન પહોંચી અને તેની પોલીસને ફરિયાદ આપી હતી. પોલીસે સમગ્ર મામલે રવી ચાવડાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૫૦૦ના દરની ૭.૮૫ લાખની ૧૫૭૦ નકલી નોટો ઝડપી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૯

તાજેતરમાં જ ૨ હજારના દરની ચલણી નોટો ચલણમાંથી પાછી ખેંચવા નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારે અમદાવાદ શહેરમાંથી નકલી નોટોની હેરાફેરીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. શહેરમાં ૫૦૦ના દરની ૭.૮૫ લાખની ૧૫૭૦ નકલી નોટો ઝડપાઈ છે. ક્રાઈમ બ્રાંચે આ નોટોની હેરાફેરી કરતાં ત્રણ આરોપીઓને ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે આગામી રથયાત્રાને લઈને ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ ગુનાખોરી કરતાં શખ્સોને પકડી પાડવા માટે સક્રિય થયાં છે. ત્યારે બાતમીના આધારે મોહન ગવન્ડર, દિનેશ રાજપૂત અને રઘૂનાથને નરોડા પાટીયા પાસે નેશનલ હેન્ડલૂમ સામેના રોડ પરથી પકડી લીધા હતાં. આ આરોપીઓ પાસેથી ક્રાઈમ બ્રાંચને ૫૦૦ના દરની ૭.૮૫ લાખની ૧૫૭૦ નકલી નોટો મળી હતી. આરોપીઓની પુછપરછમાં ક્રાઈમ બ્રાંચને જાણવા મળ્યું હતુ કે, નકલી નોટો બનાવનાર માસ્ટર માઈન્ડ વિકેશ ઉર્ફે વિકીએ આ નોટો આપી હતી. તેણે હાલમાં ૨ હજારના દરની નોટોની જગ્યાએ ૫૦૦ની નોટોની માંગ વધારે હોવાથી આ ત્રણેય આરોપીઓ બે હજારની અસલ નોટના બદલામાં ૫૦૦ના દરની નકલી નોટો આપવાની ફિરાકમાં હોવાનું કબૂલ કર્યું હતું.

# ચાર ગુજરાતીઓને ગેરકાયદે અમેરિકામાં ઘુસાડનાર એજન્ટે પોતાની જાતને દોષી ના ગણાવી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૯

કૅનેડાથી અમેરિકા જતાં ઠંડીને કારણે ઠૂઠવાઈને મરણ પામેલ મહેસાણાના માણેકપુર ગામના પટેલ પરિવારના ચાર સભ્યોનાં મોત માટે ફ્લૉરિડાની કોર્ટમાં દલીલ દરમ્યાન આરોપીએ પોતે દોષી ન હોવાનું સ્ટેટમેન્ટ આપ્યું હતું. અમેરિકાના મિનેસોટા રાજ્યના દુલુથ શહેરમાં ૪૮ વર્ષના આરોપી સ્ટીવ સૅન્ડને વિડિયો-કૉન્ફરન્સ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

સ્ટીવ સૅન્ડ પર ૨૦૨૨ની જાન્યુઆરીની ઠંડીના દિવસો દરમ્યાન ગેરકાયદે ચાર ભારતીયોને અમેરિકા લાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૨૨માં તેની ધરપકડ કરવામાં આવી હતી. જ્યાં અમેરિકાની બૉર્ડર પોલીસે તેને બે ભારતીયોને એક ભાડાની વૅનમાં લઈ જતો હતો ત્યારે પકડ્યો હતો. ત્યાંથી અંદાજે થોડેક મીટર દૂર કૅનેડાની પોલીસે ઠંડીને કારણે મરણ પામેલા ચાર ભારતીયો મળી આવ્યા હતા, જેમની ઓળખ જગદીશ પટેલ (૩૯), પત્ની વૈશાલીબહેન (૩૭), દીકરી વિહાંગી (૧૧) અને પુત્ર ધાર્મિક (૩)નો સમાવેશ થાય છે. પોલીસને આવી ભયાનક ઠંડીમાં ચાલીને આવતા અન્ય પાંચ ભારતીયો પણ મળી આવ્યા હતા તેમ જ એ જ રોડ પર આરોપી સ્ટીવ સૅન્ડને પકડવામાં આવ્યો હતો. જો તે આરોપી સાબિત થાય તો તેને ૨૦ વર્ષની જેલની સજા થઈ શકે છે.

### નેપાળના વડાપ્રધાન ૩૧ મેના રોજ ભારત આવશે

# દીકરી સહિત ૫૦ લોકો પણ આવશે, સરહદ સંબંધિત મુદ્દાઓ પર વાતચીત શક્ય

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૯

નેપાળના વડાપ્રધાન ૩૧મેના રોજ ભારત પ્રવાસે આવી રહ્યાં છે. પ્રચંડ સાથે દીકરી ગંગા પણ ભારત આવી રહી છે. આ સિવાય લગભગ ૫૦ લોકો પણ આ પ્રવાસમાં તેમની સાથે હશે. આમાં મંત્રીઓ ઉપરાંત અધિકારીઓ અને પત્રકારોનો પણ સમાવેશ થાય છે. બંને દેશો વચ્ચે સરહદ સંબંધિત મુદ્દાઓ પર પણ વાતચીત થશે. વડાપ્રધાન મોદીએ પ્રચંડને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. નેપાળના અખબાર 'કાઠમંડુ પોસ્ટ'ના અહેવાલ મુજબ-પ્રચંડની આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે કેટલાક મહત્વપૂર્ણ કરાર પણ થઈ શકે છે. ભારત અને નેપાળ વચ્ચે સરહદ સંબંધિત કેટલાક જૂના વિવાદો છે. માનવામાં આવે છે કે આનાથી સંબંધિત કેટલાક કરાર પણ સામે આવી શકે છે.

નેપાળના કેટલાક પક્ષોએ કહ્યું છે કે પ્રચંડે સરહદી મુદ્દાઓ પર ભારત સાથે વાત કરવી જોઈએ, જેના કારણે ક્યારેક સંબંધોમાં તણાવ આવે છે. કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરા એ સરહદી બિંદુઓ છે જેના પર બંને દેશો દાવો કરે છે. જોકે, નેપાળ સરકાર પણ માને છે કે સરહદી મુદ્દાઓ પર ટૂંક સમયમાં સમજૂતી પર પહોંચવું સરળ નથી, કારણ કે વાટાઘાટો ચાલી રહી છે અને તેમાં સમય લાગી શકે છે.બંને દેશોએ સરહદ સંબંધિત મામલાઓને ઉકેલવાની જવાબદારી સાથે બાઉન્ડ્રી વર્કિંગ ગ્રુપની રચના કરી છે. આ જૂથ ૨૦૧૪માં બનાવવામાં આવ્યું હતું. ૨૦૧૯થી કોઈ બેઠક થઈ નથી.વડાપ્રધાન મોદીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં પ્રચંડને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

બંને દેશો એક સંકલિત ચેકપોસ્ટ સ્થાપવા પર પણ કરાર કરી શકે છે. તેના બે ભાગ હશે. બંને દેશોના બોર્ડર ફોર્સ સાથે મળીને પેટ્રોલિંગ અને ચેકિંગ કરશે. આ સિવાય પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં પણ કેટલાક કરારો થઈ શકે છે.

નેપાળ સરકાર ઈચ્છે છે કે ભારત તેની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ તૈયાર કરવામાં મદદ કરે. ભારતે આ માટે કેટલીક શરતો મૂકી છે. નેપાળગંજ હવાઈ માર્ગ ખોલવા અંગે પણ વિચારણા થઈ શકે છે. ભારત ઈચ્છે છે કે નેપાળ અને બાંગ્લાદેશ વચ્ચે વેપાર માર્ગ બનાવવામાં આવે જે ભારતમાંથી પસાર થાય. આ મુદ્દે લાંબા સમયથી વાતચીત ચાલી રહી છે, જોકે હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. એવું માનવામાં આવે છે કે નેપાળ ચીનના દબાણને સ્વીકારી રહ્યું નથી. પ્રચંડ નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરશે. આ સિવાય તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને લોકસભા અધ્યક્ષને પણ મળશે. તેઓ નેપાળ-ભારતીય બિઝનેસ સમિટને પણ સંબોધિત કરશે.નેપાળના વડાપ્રધાન તેમની ભારત મુલાકાત દરમિયાન ઉજ્જૈન અને ઈન્દોરની પણ મુલાકાત લેશે. તેઓ ઉજ્જૈનમાં મહાકાલની મુલાકાત લેશે. એક રિપોર્ટ અનુસાર, ભારત અને નેપાળ ટેમ્પલ ડિપ્લોમસી દ્વારા આગળ વધવા માંગે છે. ગયા વર્ષે નેપાળના તત્કાલિન વડાપ્રધાન શેર બહાદુર દેઉબા વારાણસી ગયા હતા. જ્યારે મોદી મે ૨૦૨૨માં નેપાળ ગયા હતા ત્યારે તેમણે લુમ્બિની અને માયાદેવી મંદિરોની મુલાકાત લીધી હતી.

NEWS OF GANDHINAGAR_P-3

# માણાવદરના અનસુયા ગૌધામની મુલાકાત માટે વિદેશ અને દેશમાંથી સંતો મહંતો ઉમટી પડ્યા



ભારતવર્ષમાં આદિકાળથી ખેતી અને પશુપાલન એકબીજાના પૂરક વ્યવસાય રહ્યા છે આમાં શુદ્ધ વંશની ગીર ગાયનું સંવર્ધન ખૂબ જ ઓછું જોવા મળે છે જે બાબતને ધ્યાને લઈ માણાવદર ખાતે મુંબઈ સ્થિત એવા મેઘનાબેન હિતેનભાઈ શેઠ દ્વારા મુંબઈનો ધિક્કો કારોબાર છોડી ગાયોની સેવા માટે માણાવદરમાં આવી મુંબઈની કમાણી માણાવદરમાં ×અનસુયા ગૌધામ× નામે કેન્દ્રની સ્થાપના કરી તેમાં વાપરતા તેની પ્રશંસા મુંબઈમાં તો થઈ છે પરંતુ ભારતના અન્ય રાજ્યો અને છેક હોંગકોંગ સુધી આ સેવાની સુગંધ પ્રસરી છે. આ ગૌધામ સાડા ત્રણ વીઘા વિસ્તારમાં વિસ્તરેલું છે તેમાં અસલ ગીર ગાયો અને તેની ઔલાદ રાખવામાં આવે છે તદ્દુપરાંત રખડતી ગાયોના નિભાવ માટે શેઠ પરિવાર દ્વારા એક બંધ પડેલું કારખાનું ભાડે રાખે તેમાં ભૂખે તરસે મરતી તથા માંદી અપંગ ગાયોને આશ્રય આપી માનવતાની જ્યોત જગાવી છે. દાનવીર શેઠ ડી.સી.શેઠના અવસાન પછી તેમના સ્મરણાર્થે આ સંસ્થા ઉભી કરવામાં આવી છે તેની આજ સુધી અનેક સંતો મહંતો અને સમાજ શ્રેષ્ટીઓએ તથા અન્ય ગૌશાળાના સંચાલકોએ મુલાકાતો લઈ હિતેનભાઈ શેઠ તથા મેઘનાબેન શેઠનું સન્માન કરેલું છે આ સંસ્થામાં અસંખ્ય લોકો રોજગારી પણ મેળવે છે. આજે આ ગૌધામની મુલાકાતે માણાવદર સ્વામિનારાયણ મંદિરના કોઠારી મોહનપ્રકાશ દાસજી સ્વામીએ મુલાકાત લીધી હતી અને તેની વ્યવસ્થા જોઈને ખૂબ આનંદ વ્યક્ત કરી ગાયોની સાથે સમય વિતાવ્યો હતો. સ્વામીજી દ્વારા હોંગકોંગથી પધારેલા વિજયભાઈ શેઠનું સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વામીજીએ જણાવ્યું હતું કે રખડતી ગાયોના ઉધાર માટે આવી સંસ્થાઓએ આગળ આવવું જોઈએ. શેઠ પરિવાર દ્વારા સ્વામીજીનું ચાંદીનો સિક્કો આપીને સન્માન કરી શેઠ પરિવારે આશીર્વાદ માગ્યા હતા.

# શ્રી સમસ્ત માંગરોળીયા પરિવાર સુરત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયેલ




સમસ્ત માંગરોળીયા પરિવાર સુરત એક્તા અને સંગઠન એટલે કે સ્નેહમિલન નાં ૩૩ વર્ષ પુર્ણ થયા બાદ સૌપ્રથમ વખત માંગરોળીયા પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ MPL 1 નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પરિવાર નાં તમામ પ્લેયરો એ આઠ ટીમ બનાવી મેચ રમ્યા હતા ૨૭ /૨૮ મે શનિવાર અને રવિવાર એમ બે દિવસ નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું એક બીજાને પરસ્પર ઓળખે ધંધા રોજગારમાં મદદ મળે એટલા માટે ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈશાનભાઈ ચિતલની ટીમ શ્રીલક્ષ્મી વોરિયર્સ રનર્શ અપ ટીમ અને મનોજભાઈ અમરેલીની ટીમ એક્તા ડાયમંડ વિનર ટિમ થયા હતા આ ટુર્નામેન્ટમાં લાલજીભાઈ માંગરોળીયા પરિવાર નાં પ્રમુખ મગનભાઈ કમલેશભાઇ હરેશભાઈ માંગરોળીયા બગસરા બી.કે.છેલણકા તેમજ આઠ ટીમ નાં પોન્સરો અને દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં

# ચાણસ્માના ઝીલીયા વાસણા ગામે વિજ પોલ પડતા આધેડનુ ઘટના સ્થળે મોત

ગત રોજ પડેલ ગાજ વિજ સાથે ના વરસાદ ને કારણે ચાણાસ્મા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ગાજ વિજ સાથે વરસાદ વરસતા ચાણસ્મા તાલુકા ના ઝીલીયાં વાસણા ગામે વિજપોલ પર વિજળી પડવા થી વિજ પોલ જમીન પર ધરાશાયી થતાં નીચે ૫૫ વર્ષીય આધેડ આવી જતા ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજયું હતું આ ઘટના ની જાણ ગામ લોકો તેમજ ૧૦૮ ને થતા ઘટના સ્થળે દોડી આવી હતી. ઘટના સ્થળેથી મળતી માહિતી મુજબ ચાણસ્માં તાલુકાના ઝીલીયા વાસણા ગામે રહેતા વણકર ગાંવિંદ ભાઈ ખાના ભાઈ ઉંમર વર્ષ અંદાજે ૫૫ વર્ષ પોતાના ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન વિજળી વિજપોલ પર પડતા વિજ પોલ જમીનદોસ્ત થઈ જતા નીચે આધેડ આવી જતા ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયું હતું આ ઘટના જાણ ગામલોકોને થતા ઘટના લોકોના ટોળાં ટાળા ઉમટી પડ્યા હતા તેમજ ૧૦૮ને જાણ કરાતા ઈ. એમટી પુજાબેન ગોસ્વામી દ્વારા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આધેડ નું ચેકઅપ કરાતા આધેડનું પ્રાણપંખેરું ઘટના સ્થળે જ ઉડી જવા પામ્યુ હતુ જેથી લાશને પીએમ માટે ચાણસ્મા રેફરલ ખાતે મોકલી આપી હતી આ ઘટનાની જાણ ચાણસ્મા પોલિસ ને થતા પોલિસ દ્વારા ઘટના સ્થળે પહોંચી અકસ્માતે મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રિપોટેર નિખીલ જોષી પાટણ બ્યુરો

## ૩૦ એકરમાં રુ.૨૦૦ કરોડના ખર્ચે નિરાધાર

# પથારીવશ માવતરો માટે દેશનો સૌથી મોટો વૃદ્ધાશ્રમ બનશે : સદભાવના ધામનું ભૂમિપૂજન કરાયું



સમગ્ર દેશના નિરાશ્રિત, નિસંતાન,પથારીવશ વડીલો માટે રાહતનાં સમાચાર છે. ૩૦ એકરમાં રુ.૨૦૦ કરોડના ખર્ચે નિરાધાર, પથારીવશ માવતરો માટે દેશનો સૌથી મોટો વૃદ્ધાશ્રમ રાજકોટમાં બનશે. સમગ્ર દેશના ૨૧૦૦ પથારીવશ વડીલોને આજીવન આશ્રય,સારવાર રાજકોટનાં સદભાવના ધામ માં નિશુલ્ક મળશે. સેવા યજ્ઞની વિશાળ વેદીને આકાર આપતી ઘટનાની ઘડી એટલે 'સદભાવના વૃદ્ધાશ્રમ' ના નવનિર્માણની ભૂમિનું પવિત્રીકરણ કરવાનો મંગળ અવસર. સંતો,ભૂદેવો નાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂમિ પૂજન કરાયું જેમાં પૂ.મોરારીબાપુ,પૂ.પરમાત્માનંદ સરસ્વતીજી સહીત અન્ય સંતો, મહંતો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત સૌને પ્રતીકાત્મક રીતે ભૂમિપૂજનનો લાભ બેઠક વ્યવસ્થા પર જ અપાયો હતો. અહી આશરો લેતા વડીલોનું સન્માન જળવાઈ રહે તે માટે સદભાવના વૃદ્ધાશ્રમનાં નવો જ અભિગમ 'અમારે માવતર જોઈએ છે' ની અનુમોદના કરતાં પૂ.મોરારિબાપુ એ દોઢ લાખ રૂપિયાનું અનુદાન તુલસી પત્ર તરીકે અર્પણ કર્યું હતું.પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી એ આ ભૂમિપૂજન એ વાસ્તવમાં આઝાદીનાં અમૃત કાળની સેવામય ઉજવણી છે એમ જણાવ્યું હતું. સદભાવના ધામમાં દાતાઓને અનુદાન આપવાની પ્રેરણા આપતાં પૂ.પરમાત્માનંદ સરસ્વતીજીએ ત્યાર બાદના સંચાલનનાં આર્થિક ખર્ચ માટે પણ સત્તત સહયોગ આપવાની સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે રાજકોટ,મુંબઈ,સુરત સહિત નાં અનેક શહેરો,ગામો,દેશ અને દુનિયા માં થી ઉપસ્થિત દાતાઓએ અનુદાનની શ્રી ગંગા મોકળા મને વરસાવી હતી. ૨૦૦ કરોડનાં સમગ્ર પ્રોજેક્ટ પૈકી ,૪ કલાકમાં ૯૦ કરોડનાં દાનની ઘોષણા તો ભૂમિપૂજન સમયે જ થઇ ગઇ છે. વાતાનુકૂલિત સભાગૃહમાં ગરિમાપૂર્ણ રીતે તેમ જ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે રસાળ શૈલીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક સત્વશીલ વૃદ્ધ દંપતી થોડા સમય પહેલા વૃધ્ધાશ્રમની મુલાકાતે આવે છે. જેમાં સેવાવ્રતી વૃદ્ધા પોતાના પતિને કહે છે કે થોડુંક દાન આપજો ત્યાર બાદ ટૂંકાગાળામાં તેમનું અવસાન થઈ ગયુ. પત્નીએ જણાવેલ થોડું દાન એટલે કેટલું? તેના પતિ એ નક્કી ના કરી શકયા અને તેમણે પોતાની ખેતીની જમીન, ચાર દુકાન તેમજ સમગ્ર પૈતૃક અને વારસામાં મળેલી મિલકત વેચી નાખી અને ભેગી કરેલી બચત પણ આપી. આમ એમના તરફથી કુલ રૂ. ૨.૫૦ કરોડનું અનુદાન તરફથી અપાયું હતું.

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે.

આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ હાલમાં પણ ૫૫૦ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. જેમાંથી ૧૮૦ વડીલો તો સાવ પથારી વશ છે જેઓ જીંદગીની ટાઢક લઈ રહયાં છે.સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી-નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં) માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશક્તિ સેવા કરાઈ રહી છે. સદભાવના ધામ એ રાજકોટમાં દેશનો મોટો ૭૦૦ રૂમનો વૃદ્ધાશ્રમ હશે. દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે. પથારીવશ માવતરોની કેર કરવા માટે કેર ટેકરની મોટી ટીમ ચોવીસ કલાક ત્રણ સો પાંસઠ દિવસ ફરજમાં રહેશે. નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ, દરેક માળે, વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા હશે. કુલ ૭ ટાવર હશે. દરેક ટાવરમાં ૧૦૦ રૂમ છે. દરેક રૂમમાં હવા-ઉજાશ,ગ્રીનરિ જળવાઈ રહે તેનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. એકસાથે ૨૧૦૦ પથારીવશ બીમાર વૃદ્ધોને આશરો આપી તેની સાર - સંભાળ લઈ સારવાર કરાશે.

સમગ્રપણે ૧૦ લાખ સ્કવેર ફુટનું બાંધકામ કરાશે.ત્રણ વર્ષ માં સંપૂર્ણ પરિસર તૈયાર થઈ જશે.દોઢ વર્ષ પછી વડીલોને પ્રવેશ આપવાનું શરૂ થઈ જશે.જૈન વૃદ્ધાશ્રમ પણ સાથે જ બનાવશે જ્યાં જૈન પરંપરાનું પાલન કરાશે.દરેક માળે અગાશી હશે જેમાં વડીલો વોકિંગ કરી શકશે.પથારીવશ માવતરોની કેર કરવા માટે કેર ટેકરની મોટી ટીમ ચોવીસ કલાક ત્રણ સો પાંસઠ દિવસ ફરજમાં રહેશે.નવ નિર્મિત ભવનમાં દરેક જગ્યાએ, દરેક માળે, વડીલો વ્હીલ ચેરમાં જઈ શકે તેવી સુવિધા હશે. આ પ્રસંગે સંસ્થા નાં યુવા પ્રમુખ સેવક વિજયભાઈ ડોબરીયા એ અત્યંત ટૂંકા ઉદ્બોધનમાં પોતાને આચરણનો દેશી માણસ ગણાવતાં વિનમ્ર ભાવે જણાવ્યું પોતે અને સમગ્ર ટીમ તો માત્ર નિમિત્ત છે. વડીલોનાં પુણ્યબળે જ આ મહાયજ્ઞ સાર્થક થશે. વિજયભાઈએ દાનની અપીલ કરવાને બદલે પોતાની આસપાસમાં કોઈ નિરાધાર, નિ:સહાય પથારીવશ વ્યકિત (કોઈપણ ઉંમરનાં) જોવા મળે તો તેમને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરી હતી, જે ઉલેખ્ખનીય પહેલને મંચ અને સભાગૃહે મોકળા મને વધાવી હતી.સદભાવના ધામ અંગેની માહિતી, ભાવિ ઉદેશો અને આયોજનોની સ્પષ્ટતા સંસ્થાના યુવા પ્રમુખ વિજયભાઈ ડોબરીયાએ લાગણીસભર ભાવે કરી હતી. ભૂમિપૂજન અવસર પછી ઉપસ્થિત રહેનાર સૌ માટે ભોજન પ્રસાદ ની વ્યવસ્થા પણ કરાઇ હતી .સદભાવના ધામમા જૈન સમાજના વડીલો માટે આખો ટાવર જ અલગ,જ્યાં દેરાસર પણ બનશે.જૈન સમાજના વડીલોને જૈન ભોજન,સેવા પૂજા મળી રહે તેને કોઈ મુશ્કેલી ના પડે તે માટે કુલ ૭ ટાવર માંથી એક ટાવર માત્ર જૈન સમાજ માટે જ રાખવામાં આવશે. જ્યાં જૈન સમાજના જ વડીલોને આશરો આપવામાં આવશે. આ ઉપરાંત તેમા દેરાસર પણ બનાવવામાં આવશે.

અન્ય પ્રવૃતિઓમાં સદભાવના વૃદ્ધાશ્રમનું ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. અત્યાર સુધીમાં ગુજરાતનાં ૧૦ જિલ્લાઓમાં ૨૦ લાખ વૃક્ષોનું વાવેતર અને જતન પણ થઈ રહ્યા છે. આગામી વર્ષોમાં સમગ્ર ગુજરાતમાં ૨૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો ઉછેર પણ કરવામાં આવશે. ગુગલ મેપમાંથી કોઈ વિદેશમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ (ગ્રીન ગુજરાત) દેખાય એ સદભાવના વૃદ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે. વાવેલ વૃક્ષોનું ૩ વર્ષ સુધી જતન કરવા સંસ્થા પાસે ૨૫૦ ટ્રેકટર, ૨૫૦ ટેન્કર વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી ૭૦૦ લોકોનો પગારદાર સ્ટાફ આ અભિયાન ચલાવી રહી છે. સંસ્થા દ્વારા ૧૦૦થી વધુ મિયાવાકી જંગલ ઉભા કરાયા છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા બળદ આશ્રમ ચલાવવામાં આવે છે. સંસ્થાએ આ એક અનોખી પ્રવૃત્તિનો આરંભ કરીને, તદ્દન નવો ચીલો ચાતર્યો છે.ગૌવંશનું હિત જોનારી આપણી સંસ્કૃતિમાં ગાયોની માવજત, સારવાર અને સેવા તો સહુ કરે છે. પણ બળદો પ્રત્યે સમાજમાં સંપૂર્ણપણે દુર્લક્ષ્ય સેવાતું જોવા મળ્યું છે ત્યારે સંસ્થા દ્વારા ખાસ નોધારા, અશક્ત અને બીમાર બળદો માટે 'બળદ આશ્રમ' બનાવવાની પહેલ કરવામાં આવી છે.સંસ્થાનાંઆ નવતર પ્રયાસ થકી અત્યારે ૭૦૦ જેટલા બળદો સંસ્થાના આશ્રિત છે. જ્યારે સંસ્થાનું લક્ષ્ય ૧૦,૦૦૦ બળદોને આશરો આપવાનું છે. ભવિષ્યમાં વૃદ્ધાશ્રમ, પર્યાવરણ , માનવ સેવા, જીવદયા સહિતની સુપ્રવૃતિઓનું સેવાકીય વ્યાપ સમાજની જરૂરિયાત મુજબ વધશે. વર્ષે લાખો લોકો,યાત્રાળુઓ દેશ વિદેશ માંથી મુલાકાત લેશે. ભજન-ભોજન-સેવાનો ત્રિવેણી સંગમ સર્જાશે. સ્વસ્થ, સુદ્રઢ, સેવામય સમાજનું નિર્માણ કરવામાં સહભાગી બનશે સદભાવના ધામ. સમગ્ર ભારતમાં બીમાર, વયોવૃદ્ધ, અશક્ત, લાચાર, પથારિવશ, અબોલ જીવો કે પછી દર્દીનારાયણ-દરિદ્રનારાયણ ને શાતા પહોંચાડવા સતત પરિણામ લક્ષી કામગીરી કરશે સદભાવના ધામ.જોવા લાયક, જાણવા લાયક, જીવનમાં ઉતારવા લાયક સેવાતીર્થ બનશે સદભાવના ધામ.

# જિલ્લા આરોગ્ય અને દાંતા આરોગ્ય સહિતના અધિકારઓની સરાહનીય કામગીરી



દાંતા તાલુકામાં જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા એપેડેમીક અધિકારી ની સૂચના અન્વયે તાલુકા આરોગ્ય અધિકારી દાંતા ડો.કિરણ ગમાર ના માર્ગદર્શન હેઠળ દાંતા તાલુકામાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જુદી જુદી જગ્યાઓ પર જઈ આરોગ્ય વિભાગની ટીમ એ તમાકુ વેચતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં દાંતા ખાતે આરોગ્ય સ્ટાફ તથા પોલીસ સ્ટાફને સાથે રાખી COTPAની કામગીરી કરાઇ હતી જે અંતર્ગત અલગ અલગ પાનનાં પાર્લર ની તપાસ દરમિયાન કલમ ૬ અંતર્ગત ૪૫ કેસ કરવામાં આવ્યા હતા. કલમ-૬(અ)અન્વયે ૧૮વર્ષથી નીચેની વયની વ્યકતીઓને તમાકુ કે તમાકુ ની બનાવટ વેચવા કે આપવા પર પ્રતિબંધ છે તેમજ ૧૮વર્ષથી નીચેની વયની વ્યકતીઓને તમાકુનુ વેચાણ કે ખરીદવા પર પ્રતિબંધ છે(દંડનીય અપરાધ છે)જે બોર્ડ પાન પાર્લર કે દુકાનમાં દર્શાવ્યા ન હતા તેવા પાનના ગલ્લા તેમજ પાર્લરોના સંચાલકો ને ૪૬૨૦ રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો હતો.

# પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં બોટાદ જિલ્લા ભાજપ આગેવાનો દર્શને



આજરોજ તારીખ ૨૮-૫-૨૦૨૩ ને રવિવાર ના રોજ પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યામાં બોટાદ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી શ્રી વંદનાબેન મકવાણા, મહામંત્રી બોટાદ જિલ્લા ભાજપ જામસંગભાઈ પરમાર, મહામંત્રી બોટાદ જિલ્લા ભાજપ ભુપતભાઈ મેર, ઉપપ્રમુખ બોટાદ જિલ્લા ભાજપ વિનુભાઈ સોલંકી, પૂર્વ મહામંત્રી બોટાદ જિલ્લા ભાજપ પોપટભાઈ અવૈયા, કારોબારી ચેરમેન બોટાદ જિલ્લા પંચાયત ભગવંતસિંહ દાયમા, એપીએમસી ચેરમેન રાણપુર કિશોરભાઈ ધાધલ, હીરાલાલ ખાણીયા ચેરમેન રાણપુર તાલુકા ભગવાન શ્રી રાઘવેન્દ્ર સરકાર અને ઠાકર શ્રી વિહળાનાથ ના દર્શન કરવા આવેલ ત્યારબાદ જગ્યા ના મહંત પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના આશીર્વાદ લઈ પૂજ્ય ભયલુબાપુ ની મુલાકાત લઈ જગ્યા ની વ્યવસ્થા,ચોખ્ખાઈ અને સ્વચ્છતા જોઈ ખુબ આનંદ સાથે રાજીપો વ્યક્ત કર્યો.

**અહેવાલ કનુભાઈ ખાચર**



તારીખ ૨૮મે રવિવાર ના રોજ ૫.૦૦વાગ્યાના ખ્રિસ્તયજ્ઞ બાદ પવિત્ર આત્માના પર્વત ટાણે તીર્થધામ ખંભોળજ ના સભા પુરોહિત રેવ. ફાધર લોરેન્સ ને વિદાય આપવામાં આવી ખંભોળજ મહોલ્લાની બહેનો દ્વારા ફૂલહાર, સાલ અને પ્રેમભેટ આપી સન્માન કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનું સંચાલન સફળ શાબ્દિક સંચાલન પેરિસ કાઉન્સિલ ના પ્રમુખ ડૉ. શૈલેષ વાણીયા શૈલ દ્વારા પાંચ વર્ષની કામગીરીની રજૂઆત ઈન્દિરાબેન દ્વારા સર્વ નો આભાર રેવ. ફાધર લોરેન્સ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો. દરેકની આંખો માં આંસુ જોવા મળ્યા. આવજો ફાધર.

# ભારતની સૌથી મોટી STEM ક્વિઝઃ ગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦-નવી પેઢીની નવી સફર




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કામ કરતી સંસ્થા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આયોજીત ભારતની સૌથી મોટીગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦ઃની આવતીકાલે તા. ૩૦મી મે, ૨૦૨૩ના રોજ સાયન્સ સીટી ખાતે યોજાનાર ફાઈનલમાં રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહેશે.

મંત્રી શ્રી ઋષિકેશ પટેલ આ ક્વીઝની ફાઈનલ પ્રત્યક્ષ રીતે નિહાળીને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ પણ એનાયત કરશે. દેશભરમાંથી નોંધાયેલ ૫.૪૫ લાખ વિદ્યાર્થીઓ પૈકીના ૧૦૦૦ વિદ્યાર્થીઓ આવતીકાલે સાયન્સ સીટી ખાતે આ ક્વીઝ લાઈવ રમશે. જેમાં મંત્રીશ્રી આ લાઈવ ક્વીઝમાં સહભાગી બનીને ક્વીઝના અંતે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરશે. અત્રે નોંધનીય છે કે, ઓક્ટોબર ૨૦૨૨ માં શરૂ થયેલ ગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦ઃ નવી પેઢીની નવી સફરની રજીસ્ટ્રેશન પ્રક્રિયામા અત્યારસુધીમાં ૫,૪૫,૭૬૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતુ.

જેમાં તાલુકા સ્તરે, જિલ્લા સ્તરે રાજ્ય સ્તરની રમતના આયોજન બાદ આવતીકાલે રાષ્ટ્રીય સ્તરની ફાઈનલ ક્વીઝ અમદાવાદ ખાતે રમાશે. આવતીકાલે ભાગ લેનારા ૧૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૮૫૦ જેટલા ગુજરાતના અને ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અન્ય રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના છે. વિજેતા વિદ્યાર્થીઓને મળનાર કુલ ૨ કરોડ થી વધુની રકમના ઈનામોમાં લેપટોપ, ટેબ્લેટ, ડ્રોન કીટ, માઈક્રોસ્કોપ જેવા ઉપયોગી ઉપકરણોનો સમાવેશ થાય છે. વધુમાં વિદ્યાર્થીઓને બૂટ કેમ્પ તથા દેશની અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓ જેવી કે ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન(ISRO), ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO), નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) અને ગુજરાત સાયન્સ સિટીની મુલાકાત કરાવવામાં આવશે જે વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને નવી દિશા આપશે.

## ધોરણ ૧૦ના વિદ્યાર્થીનું કરંટ લાગતા મોત

(એ.આર.એલ),સુરત,તા.૨૯

સુરતમાં લોકોને ચેતવતી વધુ એક ઘટના સામે આવી છે. ધોરણ ૧૦ની પરીક્ષામાં પાસ થયા બાદ ૪ દિવસ પહેલા બહેન પાસે આવેલા ભાઈનું કરંટ લાગતા મોત થયું હતું. બંગલામાં કામ કરતા બનેવીએ પાણીથી પાર્કિંગ ધોયું હતું. જેથી પાણીની મોટર બંધ કરવા મોકલતા કરંટ લાગતા ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. સુરતના પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા બંગલામાં મૂળ રાજસ્થાનના સચિન કટારે કામ કરે છે અને ત્યાં જ પત્ની સાથે રહે છે. ૪ દિવસ પહેલા તેનો સાળો વિજય ધોરણ ૧૦ની પરીક્ષા ના રિઝલ્ટ બાદ આવ્યો હતો. વેકેશન હોવાના કારણે સુરત બહેનના ઘરે ફરવા માટે આવ્યો હતો. ત્રણ દિવસથી વિજય મોલ સહિતની જગ્યાઓ પર બહેન અને બનેવી સાથે ફર્યો હતો. મૃતક વિજયના બનેવી સચિન કટારેએ જણાવ્યું હતું કે બંગલામાં દર રવિવારે પાર્કિંગની પાણીથી સાફ-સફાઈ કરવામાં આવે છે.

# બોરીવલીની ઈનર વ્હીલ ક્લબ




બોરીવલીની ઈનર વ્હીલ ક્લબ ના પ્રેસિડેન્ટ જિજ્ઞા મિસ્ત્રી અને સેક્રેટરી જયનિષા સંપટના નેતૃત્વ હેઠળ બોરીવલીની ઈનર વ્હીલ ક્લબ દ્વારા અકસ્માતમાં જમણો હાથ ગુમાવનાર ૨૨ વર્ષીય સુભાંકર રોયને સફળતાપૂર્વક કપાયેલ હાથ પ્રદાન કરવામાં આવ્યો હતો. તેમના જીવન પર આ હાવભાવની અસર ખરેખર નોંધપાત્ર હતી. શુભંકર રોયની કંપની દ્વારા કોર્પોરેટ સામાજિક જવાબદારી ભંડોળ પ્રાપ્ત થયું. ડાયનેમિક પ્રેસ્ટ્રેસ પ્રા. લિ. વ્યવસાયો અને સામુદાયિક સંસ્થાઓ વચ્ચેની આવી ભાગીદારી લોકોના જીવનમાં પરિવર્તન લાવે તેવા અર્થપૂર્ણ પ્રોજેક્ટ હાથ ધરવા માટે નિમિત્ત બને છે. ડૉ. ભરત પંડ્યા અને ડૉ. માધવી પંડ્યાએ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે ઉદાર અને મદદરૂપ થયા. તેમની કુશળતા અને સમર્થન નિઃશંકપણે પહેલની સફળતામાં ફાળો આપે છે.

તે પ્રશંસનીય છે કે બોરીવલીની ઈનર વ્હીલ ક્લબને સી એસ આર ફંડને હેન્ડલ કરવા માટે રોટરી ક્લબ ઑફ બોરીવલી ચેરિટેબલ ટ્રસ્ટનો ટેકો હતો. ઈનર વ્હીલ ક્લબ ઑફ બોરીવલીના તમામ સભ્યોનો ખાસ આભાર જેઓ આ પ્રોજેક્ટમાં જોડાયા હતા. તેમના સમર્પણ અને સહભાગિતા દ્વારા જ આવી પહેલ શક્ય બને છે.

# વિશ્વ માસિક સ્વછતા દિવસે નિઃશુલ્ક સેનેટરી પેડ નું ગ્રામીણ મહિલાઓ અને દિકરીઓ ને વિતરણ કરવામાં આવ્યું




તારીખ ૨૮ મે ના રોજ વિશ્વ માસીક સ્વચ્છતા દિવસ ની ઉજવણી નાં ભાગરૂપે ગ્રામીણ મહિલાઓ અને દિકરીઓ ને યુનિટ ઊપર હાજર રાખી સેનેટરી નેપકીન પેડ નિઃશુલ્ક વિતરણ કરવાનો કાયૅકમ યોજવામાં આવ્યો હતો આ કાયૅકમ માં ૫૦ થી વધુ બહેનો અને દીકરીઓ ઊપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન સ્ત્રી સ્વાભિમાન યુનિટ ના સંચાલક ભાવેશ પ્રજાપતિ નાં માગૅદશૅન હેઠળ યોજવામાં આવ્યું હતું આ કાયૅકમ માં પુનાસણ ગામ ના આશાવકૅર સવિતાબેન પ્રજાપતિ આંગણવાડી કાર્યકર રિક્કુ પ્રજાપતિ એ બહેનો ને માસિક ધર્મ વખતે સેનેટરી પેડ વાપરવા અને સ્વચ્છતા વિશે સમજણ આપી હતી સ્ત્રી સ્વાભિમાન યુનિટ ના મેનેજર શ્રીમતી કિન્નરી દલવાડી એ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કરી આભાર વિધિ કરી હતી....

**રીપોર્ટ અહેવાલ... હિરેન પ્રજાપતિ... અરવલ્લી.સા.કા**

NEWS OF GANDHINAGAR_P-4

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.